# વાર્ષિક શિબિર ૨૦૨૨-૨૩

## રાષ્ટ્રીય સેવા યોજના

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 1 | University profile | 3 |
| 2 | University officers | 4-6 |
| 3 | Shree Jayendrapuri Arts & Science College, Bharuch | 7-12 |
| 4 | Shri Mumbadevi Arts & Smt. Sugnibai R. Chamaria Commerce College Motaponda | 13-17 |
| 5 | J.Z.Shah Arts & Commerce College, Surat | 18-23 |
| 6 | amaj Seva Mahavidyalaya Gandhi Vidhyapeeth Vedchi, Ta-Valod, Dist-Tapi | 24 |
| 7 | J.P. Pardiwala Arts & Commerce College Killapardi Dist- Valsad | 25-26 |
| 8 | Government Science College, Pardi | 27-32 |
| 9 | Amroli SFI College | 33-35 |
| 10 | M.K. Commerce College,Bharuch | 36-39 |
| 11 | Nutan Gram Vidhyapeeth,Thava, Bharuch | 40-41 |
| 12 | Govt. Science College, Valod Ta-Valod, Dist-Tapi | 42-48 |
| 13 | Govt. Science College,Bhilad, Umargam, Valsad | 49-51 |
| 14 | Govt. Arts & Commerce College Bhilad, Ta-Umargam | 52-56 |
| 15 | S.B.Garda Arts & Comm & P.K.Patel College of Commerce College, Navsari | 57-58 |
| 16 | Smt. J.P.Shroff Arts College,Tithal Road, Valsad | 59-67 |
| 17 | Shri J.S. Bhakta & Shri K.M. Bhakta Arts & Shri A.N. Shah Science & Shri N.F. Shah Commerce College Kholwad, Surat | 68 |
| 18 | Shri Rang Navchetan Mahila Arts College, Valia, Dist. Bharuch | 69-72 |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| 19 | V.S.Patel College of Arts & Science, Billimora, Navsari | 73-76 |
| 20 | The Patidar Gin Science College, Bardoli | 77-81 |
| 21 | Govt. Arts & Commerce college, Ahwa Dang | 82-83 |
| 22 | Shree Thakorbhai Patel Arts & Commerce college,Ankleshwar | 84-86 |
| 23 | Shree Sarswati Mahavidhyalay Arts & Commerce college, Surat | 87-89 |
| 24 | Government Arts and Commerce College Kachhal,Ta-Mahuva,Dt-Surat | 90 |
| 25 | Govt. Arts & Commerce College Vansda , Dist- Navsari | 91-96 |
| 26 | Shah N.H. Commerce College Tithal Road, Valsad | 97-98 |
| 27 | Govt. Arts College Dediyapada, Dist. Narmada | 99-104 |
| 28 | Govt. Arts & Commerce College Songadh, Dist- Tapi | 105-108 |
| 29 | Govt. Arts College, Kaprada | 109-113 |
| 30 | Shri Morarji Ranchhodji Desai Arts College Buhari, Ta-Valod,Dist-Tapi | 114-116 |
| 31 | Shrimad Rajchandra Vidyapeeth, Dharmpur (SFI) | 117-118 |
| 32 | Maa Devmogra Govt. Arts College, Uchhal Dist.-Tapi | 119-122 |
| 33 | Navyug Science College,Surat | 123-127 |
| 34 | Smt. C.D.J. Rofel Arts & Smt. I.S.R.A. Rofel Commerce College Namdha Road, Vapi Dist-Valsad | 128-134 |
| 35 | Navyug Commerce College, Surat | 135-141 |
| 36 | Smt. R.P. Chauhan Arts & Smt. J.K. Shah And Shri K.D. Shah Commerce College Vyara, Dist- Tapi | 142-143 |
| 37 | B. P. Baria Science Institute, Navsari | 144 |
| 38 | Government Commerce & Science College, Dahej, Ta: Vagra, Dist : Bharuch | 145-149 |
| 39 | J.B.Dharukawal Mahila Arts College, Surat | 150-157 |




The vision of Veer Narmad South Gujarat University, as envisaged in the University Act, is to contribute to the field of higher education in the region and enable its inclusive development in all walks of life by making available trained personnel in various branches of human knowledge, keeping in mind the larger goals of nation-building. The University is committed to maintain high standards in both undergraduate and postgraduate teaching, promoting research and undertaking the requisite extension activities that would reach out to every section of society.Veer Narmad South Gujarat University has endeavored to be an institution of excellence in higher education since its existence, keeping in view the regional needs and the emerging trends in the global scenario. A semi-urban University located at Surat city, the University has a campus spread over 210 acres. The University, re-accredited 'A' grade with 3.02 CGPA by the National Accreditation and Assessment Council in 2017, is also accredited with 'B++' grade with 2.90 CGPA under Academic and Administrative Audit (AAA) by Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat in 2016. The university was originally established under the South Gujarat Universiy Act, 1965 passed by the Gujarat State Legislative Assembly. It became functional from the academic year of 1966 and was incorporated as a University on 23 May, 1967. Recognized by the University Grants Commission in 1968, it was renamed as Veer Narmad South Gujarat University in 2004 after the great Gujarati poet Narmad, Narmadshankar Lalshankar Dave. The mandate of the University is to meet the developmental needs of the seven districts and two Union Territory in the region and attempts at realizing their potential in every walk of life ranging from technology, business, industry and commerce to language, culture, and fine arts.

# માન. કુલપતિશ્રી




**ડૉ. કિશોરસિંહ ચાવડા**
માન.કુલપતિશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

દેશમા જયારે જયારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની આફત આવે, વાવાઝોડું કે સુનામી આવે, ધરતીકંપ કે મહામારી જેવી આફત આવે ત્યારે એન.એસ.એસ. દેશના ખુણે ખુણે ફેલાયેલા એન.એસ.એસ. ના સ્વયંસેવકો રાષ્ટ્ર અને સમાજ સેવા માટે તૈયાર રહે છે. ભારત સરકાર કે રાજય સરકાર જયારે કોઇ યોજનાની અમલ કરવાની હોય ત્યારે એન.એસ.એસ. ને જવાબદારી સોંપે છે. કલેકટર હોય કે મામલતદાર, પોલીસ કમિશ્નર હોય કે મ્યુનિ. કમિશ્નર, શિક્ષણ મંત્રાલય હોય કે આરોગ્ય મંત્રાલય, યુનિવર્સિટી હોય કે એન.જી.ઓ. એન.એસ.એસ. ના માધ્યમથી એમનાં વિવિધ અભિયાન સફળ બનાવવા પ્રયત્ન કરે છે. કોલેજ કક્ષાએ અભ્યાસ કરતો યુવા વર્ગ અભ્યાસ સાથે સ્વ વિકાસ સાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપે એવા આશયથી કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં એન.એસ.એસ. ની પ્રવૃતિઓ ચાલે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોરોના સામેની લડાઇ માટે સમગ્ર દેશને રાષ્ટ્રજોગ સંદેશ આપતા ભાષણમાં એન.એસ.એસ. વોલંટીયર્સને પણ કોરોના વોરીયર્સ બનાવાની અપીલ કરતાં દરેક રાજયમાં એન.એસ.એસ.ના હજારો વોલંટીયર્સ સેવાકાર્યમાં જોડાઇ સમાજ અને રાષ્ટ્રધર્મ નિભાવી રહ્યા છે.

# કુલસચિવશ્રી




**ડૉ. રમેશદાન ગઢવી**
કુલસચિવશ્રી,
વી.ન.દ.ગુ.યુનિ, સુરત

N.S.S. યુનિટ દ્વારા સપ્ત દિવસિય કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રાતઃકર્મ, પ્રભાતફેરી, યોગાસન, પ્રાણાયામ, શેરી સફાઈ, શૈક્ષણિક જાગૃતિ, ગ્રામ સંપર્ક, સ્થાનિક સ્થળની મુલાકાત, રમણીય સ્થળની મુલાકાત, ભ્રષ્ટાચારનો પ્રભાવ જેવા નાટક, વૈજ્ઞાનિક વિચાર પ્રચાર, ગ્રામ સભા અને પ્રાર્થના સંધ્યા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તદુપરાંત રાત્રી કાર્યક્રમ, પ્રૌઢ શિક્ષણ, પ્રાથમિક શાળાની મુલાકાત, રાસ-ગરબા, બોધ નાટક, ડાયરો, ભજન મંડળીની જમાવટ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગ્રામ્ય જાગૃતિ લાવવાના સઘન પ્રયાસો થાય છે.



**શ્રી પ્રકાશચંદ્ર**
**કો-ઓર્ડિનેટર, ઉન્નત ભારત અભિયાન અને**
**પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર,રાષ્ટ્રીય સેવા યોજના, વી.ન.દ.ગુ.યુનિ, સુરત**

સમગ્ર વિશ્વમાં આપણા રાષ્ટ્રને અન્ય રાષ્ટ્રોની હરોળમાં વિશિષ્ટ રાષ્ટ્ર બનાવવું હોય તો સાંસ્કૃતિક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રની ગતિ તથા અન્ય વૈવિધ્ય ઉપાંગોથી વિશિષ્ટ પ્રતિભા ઊભી કરવી આવશ્યક બને. નવ યુવાનો દ્વારા આ પ્રકારનું વૈચારીક પગલું ભરવામાં આવે તો જ આપણા દેશને વિશિષ્ટ અને વૈવિધ્ય સભર રાષ્ટ્ર બનાવી અન્ય રાષ્ટ્રોની કક્ષામાં પ્રગતિમય બનાવી શકીએ. માત્રને માત્ર પોપટીયું જ્ઞાન કે ચાર દિવાલોમાં ચાલતા શિક્ષણને મહત્વ ન આપતાં આપણો ઉદ્દેશ્ય પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અને પ્રવૃત્તિ શિક્ષણ દ્વારા વિદ્યાર્થી સર્વાંગી વિકાસમાં જ રહેલો છે.

કોલેજોમાં ચાલતી વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં ઉડીને આંખે વળગે એવી રાષ્ટ્રીય પ્રવૃતિ એટલે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.). રાષ્ટ્રીય સ્તરે પાંગરેલી કેટકેટલીયે પ્રવૃત્તિઓમાં "स्वयं से पहले आप આ સૂત્ર સાથે કાર્યરત N.S.S. નું સ્થાન નજર અંદાજ ન કરી શકાય. N.S.S. નું દર્શન સમગ્ર વર્ષ દરમ્યાન નિયમિત અને ખાસ શિબિરની પ્રવૃત્તિના માધ્યમથી થાય છે. જેમકે, પર્યાવરણ માટે વિકાસ અને સુરક્ષા, શ્રમ કાર્ય, ધાર્મિક કાર્ય, સામાજિક કાર્ય, સર્જનાત્મક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, ખેલકૂદ જેવી નિયમિત પ્રવૃતિઓ N.S.S. ની ઓળખ આપે છે. આ પ્રવૃત્તિ દ્વારા તેજસ્વીતા, સર્જનાત્મકતા, તત્પરતા અને તન્મયતા પેદા કરી વિદ્યાર્થીને સુસંસ્કૃત નાગરિક બનાવવા પ્રયત્ન થાય છે. વિદ્યાર્થી એના જીવનમાં સેવા, બલિદાન અને રાષ્ટ્ર ભાવના વિકસિત કરે એ ધ્યેય N.S.S.નું હાર્દ છે.

શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ,ભરૂચ ખાતે એન.એસ.એસ. વિભાગના સાત દિવસીય વાર્ષિક શિબિરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ હલદરવા ગામ મુકામે યોજાયો. તા.૨૩/૧૨/૨૨નાં રોજ શ્રી જે.પી કૉલેજ,ભરૂચ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિરનો પ્રથમ દિવસની ગામ હલદરવા મુકામે ખુબજ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પ્રાથમિક શાળા, હલદરવાના આચાર્યશ્રી કનૈયાલાલ ભટ્ટ, ભરૂચ જિલ્લા ભાજપ મંત્રી તથા હલદરવા ગામના ઉપસરપંચ શ્રી રાજેશભાઈ પટેલ તથા તલાટી કમમંત્રી કુસુમબેન તથા ડિમ્પલબેન પોતાનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત શ્રી જે.પી કૉલેજ,ભરૂચના આચાર્યશ્રી ડૉ.એન.એમ.પટેલ સર આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યાં હતાં. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પ્રાથમિક શાળા, હલદરવાની બાળાઓ દ્વારા ખુબજ સરસ સ્વાગત ગીતની પ્રસ્તૃતિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ.નીતાબેન પટેલ, ડૉ.નરેન્દ્ર કાપડિયા સર, ડૉ. દીપક પારેખ સર તેમજ પ્રોફેસર કૈલાશ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું. તદુપરાંત આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ જનરલ લીડર કામના ખેર દ્વારા કરવામાં આવ્યું.













શ્રી જયેન્દ્ર પૂરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભરૂચનો એન.એસ.એસ વિભાગનો સાત દિવસીય શિબિરનો આજે દ્વિતીય દિવસ સાત દિવસીય શિબિરના દ્વિતીય દિવસની શરૂઆત પ્રભાત ફેરીથી કરવામાં આવી.ત્યારબાદ શિબીરાર્થીઓએ કસરત અને યોગાની તાલીમ લીધી. ત્યારબાદ ગામની સાફસફાઈ કરી. આજના બૌદ્ધિક કાર્યક્રમ તરીકે સ્વયંસેવકની જરૂરિયાત અને મહિલા સશક્તિકરણ તેમજ બોડી લેન્ગવેજ પર આખ્યનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે હીનાબેન વ્યાસ તેમજ બીજા મુખ્ય વક્તા તરીકે રીઝવાના જમીનદાર રહ્યા. શિબીરાર્થીઓએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.ત્યારબાદ શિબીરાર્થીઓએ ગામના લોકોની મુલાકાત લીધી અને આવતીકાલે મેડિકલ કેમ્પ હોવાની ગામના લોકોને જાણ કરી. ત્યારબાદ મેડિકલ કેમ્પ માટે એન.એસ.એસ સ્વયંસેવકોએ તૈયારી કરી.







શ્રી જયેન્દ્ર પૂરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચનો સાત દિવસીય શિબિરનો આજે તૃતીય દિવસ. શિબિરના તૃતીય દિવસની શરૂઆત પ્રભાતફેરીથી કરવામાં આવી.ત્યારબાદ દરેક શિબીરાર્થીઓએ ધ્યાનની તાલીમમાં સહભાગી થયા. તદુપરાંત શિબીરાર્થીઓ દ્વારા ગામની સાફ સફાઈ કરવામાં આવી. બપોરના બૌદ્ધિક કાર્યક્રમમાં વરદાની ફીસીઓ કેર માંથી ડૉ.દીપુ ઉપાધ્યાય અને તેમની સમગ્ર ટીમ જેમાં ડૉ.માર્ગી, ડૉ.નિરાલી, ડૉ.હિર, ડૉ.બંસરી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એમણે મેડિકલ કેમ્પ દ્વારા ગામના લોકોની તપાસ કરી. દિવસના દિનચર્યાના અનુક્રમે દિવસના અંતે સંધ્યા ઢળતા સંગીત રાત્રિની મહેફિલ માણી. જેમાં કૉલેજના પ્રાધ્યાપક ,એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ,ગામના વડીલો તથા બાળકો ઉપસ્થિત થયા હતા.







શ્રી જયેન્દ્ર પૂરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચના એન.એસ.એસ વિભાગના સાત દિવસીય શિબિરનો આજે ચતુર્થ દિવસ. શિબિરના ચોથા દિવસની શરૂઆત પ્રભાતફેરીથી થઇ .ત્યારબાદ દરેક શિબીરાર્થીઓએ ધ્યાનની તાલીમમાં સહભાગી થયા. રોજની દિનચર્યા મુજબ તમામ શિબીરાર્થીઓ હલદરવા ગામની પ્રાથમિક શાળા અને ગામની સાફ સફાઈમાં જોડાયા.

ત્યારબાદ ગામ હલદરવા ખાતે આવેલ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રખ્યાત એવા પંચગવ્ય ચિકિત્સક ડૉ.પ્રણવ પટેલ સર તથા તેમના ચિકિત્સા કેન્દ્રની મુલાકાત લીધી. તમામ શિબીરાર્થીઓએ ગૌમાતા, પંચ મહાભૂત વિશે અત્યંત અદભુત માહિતી ડૉ.પ્રણવ પટેલ દ્વારા મેળવી. તે ઉપરાંત તેમને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યા. તદુપરાંત તેમને ૐનાં ઉચ્ચારણ અને તેમના મહત્વ વિશે સમજાવ્યું. ત્યારબાદ તમામ શિબીરાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમ માટેની તૈયારીમાં જોડાયા. જેમાં તમામ શિબીરાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.











શ્રી જયેન્દ્ર પૂરી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ભરૂચનો સાત દિવસીય શિબિરનો આજે પાંચમો દિવસ. પાંચમા દિવસની શરૂઆતમાં તમામ શિબીરાર્થીઓએ પંચગવ્ય ચિકિત્સા કેન્દ્રમાં સાઉન્ડ થેરાપીની અનુભૂતિ કરી. ત્યારબાદ ચા - નાસ્તો કરી શિબીરાર્થીઓએ ગામની સાફ સફાઈ કરી. ત્યારબાદ બપોરે સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ યોજવામાં આવી હતી. જેમાં વોલીબોલ,કબડ્ડી,રસ્સાખેંચ તેમજ ખો - ખો જેવી રમતોમાં તમામ શિબીરાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તે ઉપરાંત સાર્થક ફાઉન્ડેશનમાંથી પધારેલ શ્રી હેતલભાઈ શાહે જીવદયા પર પોતાનું વકતવ્ય આપ્યું. ત્યારબાદ તમામ વિજેતા ટીમ અને ખેલાડીઓને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા. અંતે તમામ શિબીરાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે તૈયારી કરી અને રાત્રે એન.એસ.એસના પ્રોગ્રામ ઓફીસર્સ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ માટેની તમામ કૃતિઓનું ઓડીશન લેવામાં આવ્યું.











શ્રી જયેન્દ્રપૂરી આર્ટ્સ અને સાયન્સ કોલેજ, ભરૂચ ખાતે યુવા સપ્તાહ પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો તારીખ ૧૯/૦૧/૨૦૨૩ નાં રોજ શ્રી જયેન્દ્રપૂરી આર્ટ્સ અને સાયન્સ કોલેજ ભરૂચ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા યુવા સપ્તાહ નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં સાત દિવસ માં વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજાઈ હતી અને આજે યુવા સપ્તાહ દરમિયાન ની સ્પર્ધા નો અહેવાલ રજૂ કરી તે યુવા સપ્તાહ ની પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજાયો હતો.







# ખાસ શિબિર

મોટાપોંઢા કોલેજમાં આજ રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સ્વયં સેવક ભાઈબહેનો સાથે પ્રોગ્રામ ઓફિસર ડો શીલા પટેલ અને પ્રા નર્મદા પરમાર સાથે ખડકી ગામે પ્રયાણ કરવામાં આવ્યું હતું.






# ખાસ શિબિર

મોટાપોંઢા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના 'ખાસ શિબિર' ના ત્રીજા દિવસે સવારે પ્રભાત ફેરી, શાળાના કેમપસની સફાઇ, વૃક્ષોનું ગોળકામ, ફીટ ઈન્ડિયા અભિયાન અંતર્ગત શાળાના બાળકો માટે રમત-ગમત હરિફાઈમાં કોથળા દોડ, દોરડા ખેંચ, લીંબુ ચમચી, દેળકા દોડ, સંગીત ખુરશી વગેરે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજી ત્રણ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગુજરાત રાજ્ય ના 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' તરફથી આપદા મિત્ર ગૃપ દ્વારા પ્રોજેક્ટર માર્ગદર્શન અને તાલીમ, ઈન. ફાયર ઓફિસર દ્વારા ડિઝાસ્ટર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં સ્વયં સેવક ભાઈબહેનો ને કુદરતી આફતમાં કેવી રીતે બચવું વગેરે ની તાલીમ આપવામાં આવી હતી.











# ખાસ શિબિર

મોટાપોંઢા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના 'ખાસ શિબિર'ના ચોથા દિવસે વિવિધ કાર્યક્રમો યોજાયા. જેમાં શ્રી પ્રમોદભાઈ (રાજ્ય કક્ષાના કાર્યકારીણી,પતંજલિ યોગ પીઠ વલસાડ), શ્રી ધીરુભાઈ પટેલ ( પતંજલિ યોગ પીઠ ના ચીફ, વાપી) દ્વારા પ્રાણાયામ, ધ્યાન અને યોગ ની વિવિધ મુદ્રાઓ ની તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં શાળાના બાળકો અને સ્વયં સેવક ભાઈબહેનો એ રસપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ રાહતદરે ચશ્મા શિબિર નું આયોજન કરવામાં આવ્યું. ચશ્મા શિબિર માટે તમન્ના એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા શ્રી હનીફભાઇ મેમને સેવા આપી હતી. રાહતદરે ચશ્મા શિબિર માં કુલ ૨૦૦ દર્દીઓ એ ભાગ લીધો હતો. ત્યારબાદ શાળાના કેમપસની સફાઈ કરવામાં આવી હતી. રાત્રી દરમિયાન આવનાર ૨૦૨૩ ના વર્ષને આવકારવા ઉજવણી કરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતે અહેવાલ વાંચવા સાથે આજનો દિવસ પૂરો કર્યો હતો.













# ખાસ શિબિર

મોટાપોંઢા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના 'ખાસ શિબિર'ના છઠ્ઠા દિવસે પ્રભાત ફેરી, શાળાના કેમપસની સફાઇ, પૂર્ણાહુતિ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન તરીકે મોટાપોંઢા કોલેજના નિવૃત્ત આચાર્ય શ્રી બી.એન.જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત મહાત્મા ગાંધીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ ' થી કરવામાં આવી હતી. આ પ્રસંગે રમત ગમત ના વિજેતાઓ ને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. સાત દિવસીય શિબિર ના બેસ્ટ સ્વયં સેવક નારીગરા જીજ્ઞેશ અને સેવિકા તરીકે બોચલ લલિતા જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કોલેજ તરફથી સ્વયં સેવક ભાઈબહેનો ને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. પૂર્ણાહુતિ બાદ નજીક ના ખડકી ગામના આંગણવાડી કેન્દ્રો પર ' કૂ પોષણ મુકત અભિયાન ' અંતર્ગત નાના બાળકોને કૂપોષણ દૂર કરવા માટે શું કરવું જોઈએ, કેવો ખોરાક લેવો જોઇએ વગેરે ની માહિતી આપી કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કારકિર્દી માર્ગદર્શન વકતા તરીકે પ્રાથમિક શિક્ષક અને બી.એલ.ઓ. શ્રી ડો. વિલ્સન મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે અહેવાલ વાંચવા સાથે આજનો દિવસ પૂરો થયો હતો.













મોટાપોંઢા કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના ખાસ શિબિરમાં આજ રોજ સવારે પ્રભાત ફેરી, ધાર્મિક સ્થળ તરિકે ખડકી ગામે તળકેશ્વર મંદિર ની મુલાકાત, વૃક્ષારોપણ, બપોરે ઐતિહાસિક સ્થળની મુલાકાત તરીકે નજીક આવેલા પારનેરા ડુંગર પર સ્વયં ભૂ ચામુંડાના માતાજીના દર્શન અને મંદિર ના આજુબાજુ સફાઈ, સાથે નજીક આવેલ પાર નદીના કિનારે સફાઈ કરવામાં આવી હતી. રાત્રે અહેવાલ વાંચવા સાથે દિવસ પૂરો થયો.












# ખાસ શિબિર

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ દ્વારા પરિયા ગામ, ઓલપાડ ખાતે આયોજિત ખાસ શિબિર માં એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રી પ્રકાશચંદ્ર હાજર રહ્યા હતા.










જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. જેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ- અમરોલી ના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું




















3RD DAY NSS SPECIAL CAMP - PARIA VILLAGE - OLPAD TALUKO.

જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. જેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ- અમરોલી ના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું.













4TH DAY NSS SPECIAL CAMP - PARIA VILLAGE - OLPAD TALUKO.

જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. જેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ- અમરોલી ના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું.













5th Day NSS Special Camp - Paria Village - Olpad Taluko.

જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. જેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ- અમરોલી ના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું











6th Day NSS Special Camp - Paria Village - Olpad Taluko.

જીવન જ્યોત ટ્રસ્ટ, સંચાલિત જે. જેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ- અમરોલી ના NSS યુનિટ દ્વારા પરિયા ગામ ઓલપાડ ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર નું આયોજન કરવામાં આવ્યું










સમાજસેવા મહાવિદ્યાલય ગાંધી વિદ્યાપીઠ વેડછી ની સાત દિવસીય શિબિરનો આજે ત્રીજો દિવસ.

શિબીરાર્થીઓએ દિવસની શરૂઆત માં પ્રભાતફેરી કાઢી , પ્રાર્થના અને કસરત ના દાવ કર્યા હતા ત્યારબાદ ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા બેસનીયા કેમ્પસ ની સફાઈ માં જોડાયા હતા અને ગામમાં દર ગુરુવારે હાટ બજાર ભરાય છે અને ત્યારપછી ની સફાઈ વિશેષ હોય છે અને તે હાટ બજાર ની જગ્યાએ સફાઈ કામ હાથ ધર્યું અને સાથે સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની આજુબાજુ માં સફાઈ કરી ત્યારબાદ nss ના સૌ સ્વયં સેવકો ને જુદી જુદી રમતો રમાડી જે હાલ ના સમય માં ભુલાઈ ગઈ છે જેમ કે આતા-પાટા, કેટલા રે કેટલા, બોલ ઠીકરી અને બીજી શિક્ષણ ને લગતી જુદી જુદી રમતો રમાડવામાં આવી ત્યારબાદ સાંજે જમ્યા પછી પ્રાર્થના કરવામાં આવી અને તેમાં અહેવાલ વાંચન કરવામાં આવ્યો, nss પ્રોગ્રામ ઓફિસર શ્રી આનંદ ભાઈ પટેલે વિદ્યાર્થી ઓને બોધિક વાત કરી અને સૌને રમતો રમાડી અને શિબિર નો ત્રીજો દિવસ પૂર્ણ થયો.







**જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર છઠ્ઠો દિવસ.**

જે.પી.પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ખેરગામ તાલુકાના આછવણી આશ્રમશાળામાં શિબિરનો છઠ્ઠોદિવસ તા.૨૯/૧૨/૨૦૨૨ ગુરુવારના દિવસે શિબિરની પૂર્ણાહુતિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં કોલેજ ના ઇ.આચાર્ય ડૉ.ગંગાબેન પટેલ , ગામના સરપંચ શ્રીમતિ વિરલા બેન, ખેરગામ તાલુકા પંચાયત પ્રમુખ રક્ષાબેન, ઉપપ્રમુખ, સામજિક કાર્યકર ભૂપેન્દ્ર ભાઈ, ગામના આગેવાનો, આશ્રમ શાળા સ્ટાફ પરિવાર, મુખ્ય મહેમાનો, આશ્રમશાળાના બાળકો, સ્વયંસેવકો તેમજ પ્રોગ્રામ ઓફીસર હાજર રહ્યા હતા. સ્વયંસેવકો દ્વારા પ્રાર્થના કરી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું ત્યારબાદ મહેમાનોનું પુષ્પ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું અને આવેલ મહેમાનોએ પોતાનું વ્યકતવ્ય આપ્યું, સ્વયં સેવકોએ પોતાના અભિપ્રાયો અને અહેવાલ રજૂ કર્યા . ત્યારબાદ રમતમાં વિજેતા થયેલ બાળકો અને સ્વયં સેવકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફીસર ડૉ.મણીબેન સોલંકીએ કર્યું હતું અને આભારવિધિ પ્રોગ્રામ ઓફીસર પ્રા.પ્રવીણભાઈએ કરી હતી.

















જે.પી. પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડી ખાતે સાત દિવસીય વાર્ષિક શિબિર સાતમો દિવસ

જે.પી.પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ખેરગામ તાલુકાના આછવણી આશ્રમશાળામાં શિબિરનો સાતમો દિવસ તા.૩૦/૧૨/૨૦૨૨ શુક્રવારના દિવસે શિબિરમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશ્રમ શાળા ના બાળકો સ્વાગત ગીત અને ડાંગી નૃત્ય રજૂ કર્યું હતું. એન.એસ.એસ.સ્વયં સેવકો ભાઈઓ અને બહેનો એ ગરબા, ગુજરાતી ગીત, ગરબા ડાન્સ, અને નાટક રજૂ કર્યું હતું. ત્યાર બાદ આશ્રમ શાળાના બાળકો અને સ્વયંસેવકો મન મૂકીને સમૂહ ગરબા રમ્યા હતા. ત્યારપછી આશ્રમશાળાના ક્લાસરૂમ ની સફાઈ કરી અને પોતાનો સામાન સમેટી છૂટા પડ્યા.











## 1ST DAY OF ANNUAL SPECIAL CAMP OF GOVT SCI COLLEGE, PARDI

કોલેજના વાર્ષિક ખાસ શિબિરમાં તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ ઉમરસાડી ગામે ઉદ્ઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. ઉદ્ઘાટન સમારંભમાં શ્રી ધીરુભાઈ દેસાઈ (મંત્રીશ્રી, ઉમરસાડી વિભાગ કેળવણી મંડળ), શ્રી ભરતભાઈ દેસાઈ (કારોબારી સભ્યશ્રી, ઉમરસાડી વિભાગ કેળવણી મંડળ), શ્રી બંકિમચંદ્ર દેસાઈ (કારોબારી સભ્યશ્રી, ઉમરસાડી વિભાગ કેળવણી મંડળ), શ્રી વિજયભાઈ પટેલ (આચાર્ય શ્રી, જે.વી.બી.એસ. હાઈ સ્કુલ, ઉમરસાડી), શ્રી અભિષેક શર્મા (પ્રમુખશ્રી, જે.સી.આઇ. પારડી) અને શાળાના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. પોતાના દ્વારા થતાં સેવા કાર્યો અને એમના અનુભવો વિશે એમને ચર્ચા કરેલ.ત્યારબાદ ટુકડી સંચાલન અને કામ વહેચણી કરવામાં આવેલ. ભોજન વિરામ બાદ ઉમરગામના માંગેલવાડ વિસ્તારમાં ગામ સર્વેની કામગીરી કરવામાં આવેલ.










# ખાસ શિબિર

તા.૧/૧/૨૦૨૨ ના દિવસની શરૂઆત વહેલી સવારે પ્રભાત ફેરી, કસરત અને યોગ શિબિર થી કરવામાં આવી. ગામના બાકીના વિસ્તાર ના સર્વે કામગીરી કરવાના લક્ષ્યથી શરૂઆત કરવામાં આવી. આજરોજ ટુકડી મુજબ ઉમરગામના દેસાઈવાડ, અંબિકા નગર, કોળીવાડ વિસ્તારમાં ગામની મુલાકાત અને સર્વેની કામગીરી કરવામાં આવેલ. લોકો તરફથી મળતા સૂચનોની નોંધ લેવામાં આવેલ. સાંજે વિદ્યાર્થીઓમાં "GROUP DISCUSSION SKILL" વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવામાં આવેલ.















# ખાસ શિબિર

તા.૨/૧/૨૦૨૨ ના દિવસની શરૂઆત વહેલી સવારે પ્રભાત ફેરી, કસરત અને યોગ શિબિરથી કરવામાં આવી. ચા નાસ્તા બાદ શ્રમ કાર્ય માટે શાળા કેમ્પસ માં સાફ સફાય અને છોડ અને શ્રુપો ની માવજત માટે ક્યારા બનાવી ખાતર નાખવામાં આવેલ. બપોરના ભોજન વિરામ બાદ "DECISION MAKING, RELATIONSHIP AND FUTURE TRAING" વિષય ઉપર શ્રી મિતેષ પરમાર, જે.સી.આઇ., ભરૂચની તાલીમ રાખવામાં આવેલ. શ્રી મિતેષ પરમાર સર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીમાં છેલ્લા 30 વર્ષથી જોબ કરે છે, હાલ તેઓ બ્રાન્ચ મેનેજર ની પોસ્ટ ઉપર કાર્યરત છે. વિદ્યાર્થીઓના એક નિર્ણય થી કેવી રીતે આખું ભવિષ્ય બદલાય છે, એ વિગતવાર ઉદાહરણ સહિત સમજૂતી આપેલ. વિદ્યાર્થીઓ પ્રવૃત્તિ દ્વારા આ વિષય ની ખૂબ જ ચર્ચા કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં શાળા ના શિક્ષક ગણ, આચાર્યશ્રી, જે.સી.આઇ. પારડીના પ્રમુખશ્રી હાજર રહ્યા હતા. રાત્રિ ભોજન બાદ પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા "TEAM WORK SKILL DEVELOPMENT" વિષય પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવેલ. સદર કામગીરીના ફોટા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.







# ખાસ શિબિર

તા.૩/૧/૨૦૨૨ ના દિવસની શરૂઆત વહેલી સવારે પ્રભાત ફેરી, કસરત અને યોગ શિબિરથી કરવામાં આવી. ચા નાસ્તા બાદ શ્રમ કાર્ય માટે શાળા કેમ્પસ માં સાફ સફાય અને વૃક્ષ-છોડ-શ્રુપોની માવજત માટે ક્યારા બનાવી કંપોસ્ટ ખાતર નાખવામાં આવેલ. બપોરના ભોજન વિરામ બાદ "INTERVIEW SKILLS, PERSONAL GROOMING, AND SOCIAL MEDIA-DO AND DON'T" વિષયો ઉપર શ્રી રવિ સાપરિયા, જે.સી.આઇ., નવસારીની તાલીમ રાખવામાં આવેલ. શ્રી રવિ સાપરીયા આઇ.ટી.સેકટર ના પ્રતિષ્ઠિત બિઝનેસ મેન અને વેબસાઈટ ડેવલોપર છે. એમને કોર્પોરેટ સેકટર માટે ઘણા ઇન્ટરવ્યું કરાવેલ છે. વિદ્યાર્થીઓને ઇટરવ્યું માટે કેવી રીતે તૈયાર કરવા તથા કેવી કેવી બાબતોનું ધ્યાન રાખવું, વગેરે ઉપર સૂચનો આપવામાં આવ્યા. તેમજ મોક ઇન્ટરવ્યુ દ્વારા પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવેલ. વિદ્યાર્થી જીવનમાં સોશિયલ મીડિયા ના ઉપયોગ દરમ્યાન શું કરવું અને શું ના કરવું એ બાબતે ઉપયોગી સૂચનો કર્યા. દૈનિક અહેવાલ લેખન અને ચર્ચા બાદ ભોજન વિરામ રાખવામાં આવેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે નુક્કડ નાટક અને ગ્રુપ ડાન્સ માટે સિલેકશન અને પ્રેક્ટિસ કાર્યક્રમ રાખવામાં આવેલ. સદર કામગીરીના ફોટા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે







તા.૪/૧/૨૦૨૨ ના દિવસની શરૂઆત વહેલી સવારે પ્રભાત ફેરી, કસરત અને યોગ શિબિરથી કરવામાં આવી. ચા નાસ્તા બાદ શ્રમ કાર્ય માટે શાળા કેમ્પસ માં સાફ સફાય અને વૃક્ષ-છોડ-શ્રુપોની માવજત માટે ક્યારા બનાવી કંપોસ્ટ ખાતર નાખવામાં આવેલ તેમજ વૃક્ષોને ગેરુ અને ચુનાથી રંગારોગન કામગીરી કરવામાં આવેલ. બપોરના ભોજન વિરામ બાદ "COMMUNICATION SKILL" વિષય ઉપર શ્રીમતી અનુજા શાહ, જે.સી.આઇ., પારડીની તાલીમ રાખવામાં આવેલ.વિષય સંબંધિત વ્યાખ્યાન અને ટીમ મુજબ વિવિધ પ્રવૃતિઓ દ્વારા ખૂબ સરસ તાલીમ આપવામાં આવેલ. દૈનિક અહેવાલ લેખન અને ચર્ચા બાદ ભોજન વિરામ રાખવામાં આવેલ. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે નુક્કડ નાટક અને ગ્રુપ ડાન્સ માટે પ્રેક્ટિસ કાર્યક્રમ રાખવામાં આવેલ.















ગુજરાત હોટલાઈન
E-mail: gujarathotline2013@gmail.com
તંત્રી: નરોત્તમ પટેલ, મો. 9377016499 સહતંત્રી: નિતિન પટેલ, મો. 7874032266

## સરકારી વિજ્ઞાન કોલેજ પારડીના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ એનએસએસ દ્વારા

## જે. સી. આઈ.ના સહયોગથી એન.એસ.એસ. કેમ્પનું પારડી તાલુકાના ઉમરસાડી ગામ ખાતે કરાયેલું આયોજન



ગુજરાત હોટલાઇન ન્યૂઝ

વાપી.તા.08 જાન્યુઆરી: સરકારી વિજ્ઞાન કોલેજ પારડીના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ એનએસએસ દ્વારા જે. સી. આઈ.ના સહયોગથી તારીખ 31 12 2022 થી તારીખ 6 1 2023 સુધી પારડી તાલુકાના ઉમરસાડી ગામ ખાતે કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એન એસ એસ ને લાગતી વિવિધ પ્રવૃત્તિ રોજબરોજ કરવામાં આવી હતી અને જેસીઆઇ પાર્ટી દ્વારા તેમાં દરરોજ વિવિધ પ્રકારની સોફ્ટ સ્કિલ ટ્રેનિંગ અલગ અલગ ટ્રેનરો દ્વારા પૂરી પાડવામાં આવી હતી જેમાં તારીખ 5 1 2020 ના દિન એ ડોક્ટર ભટ્ટ હોમિયોપેથિક ડોક્ટર દ્વારા વિદ્યાર્થીઓને આરોગ્ય અંગે જાગૃતિ વધારવા અને વિવિધ વિટામિન્સ પ્રોટીન અને બીજા તત્વોની ઉણપના લીધે કયા પ્રકારના રોગો થઈ શકે તેની જાણકારી આપતો વર્કશોપ લઈ ખૂબ જ મહત્વપૂર્ણ જાણકારી આપી હતી આ કાર્યક્રમનું સફળ સંચાલન ડોક્ટર પરિમલ પટેલ એનએસએસ ઓફિસર જેસી અભિષેક શર્મા જેસીઆઇ પારડી પ્રેસિડન્ટ તેમજ જેસી અનુજા શાહ ટ્રેનર અને સેક્રેટરી જેસીઆઈ પારડી દ્વારા કરવામાં આવ્યું હતું

વલસાડ જિલ્લાની સમસ્યા હોય કે આજુબાજુ વિસ્તારની સમસ્યા હોય તેમજ પ્રેસનોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.નિતિન પટેલ. મો. 7874032266

# ખાસ શિબિર

અમરોલી સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં તારીખ ૧૬ જાન્યુઆરી થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન ખાસ શિબિર નું આયોજન થયું જેમાં કાર્યક્રમના સમાપન સમારોહમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડોક્ટર કિશોરસિંહ ચાવડા સર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સામાજિક પ્રવૃત્તિઓ વિશે માર્ગદર્શન આપ્યું











Nss Day 5, વ્યસન મુક્તિ રેલી, અમરોલી sfi college









ADVENTUROUS ACTIVITY AT NSS CAMP DAY 6 #AMROLI SFI COLLEGE










એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ, ખાસ શિબિર તા. ૧૯-૦૧-૨૦૨૩ ના રોજ મંગલ મઠ પર બિન જરૂરી ઝાડીઓ દુર કરી સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કર્યો. ત્યારબાદ ગામના જાહેર તમામ સ્થળો જેવાકે રણછોડ મંદિર, મહાદેવ મંદિર, પંચાયત ભવન, ગામ ની પ્રાથમિક શાળા, સેકન્ડરી સ્કુલ ખાતે પણ પુર જોશમાં સ્વચ્છતા અભિયાન આરંભવામાં આવ્યું. ગામના લોકોમાં પણ આ સ્વચ્છતાનો સંદેશો પોહચારવાનો અને એમને ક્રિયા દ્વારા જોડવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો. બપોરના ભોજન બાદ શ્રી મનોહરલાલ, સંગઠન સ્વદેશી જગરણ મંચ, ગુજરાત પ્રદેશ તથા શ્રી શૈલેષભાઇ ગૌસ્વામી, જિલ્લા કુટુંબ પ્રબોધન પ્રમુખ, ભરૂચ દ્વારા 'સ્વદેશી જાગરણ' અને 'બેરોજગારી નિવારવા સ્વરોજગાર, રોજગાર સર્જક બનવું' વિષય પર બૌદ્ધિક વ્યાખ્યાન યોજવામાં આવ્યું ત્યારબાદ ગામમાં સ્વચ્છતા, શિક્ષણ વગેરે અંગે સર્વેની કામગીરી કરવામાં આવી..
























# ખાસ શિબિર

એમ.કે.કોલેજ ઓફ કોમેર્સ, ભરૂચ, તા. ૧૮-૦૧-૨૦૨૩ ના રોજ ગામ- તવરા, જી.- ભરૂચ ખાતે ખાસ શિબિરનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું. જે પ્રસંગે કોલેજનો સ્ટાફ, ગામના સરપંચ, ઉપસરપંચ અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના, દીપ પ્રાગટય, સ્વાગત ગીત સહ કેમ્પને વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો. બપોર બાદ કોરોના વેક્શીન નો કાર્યક્રમ પણ રાખેલ, જે ખૂબ જ સફળ રહ્યો. ત્યારબાદ સાંજે સ્વયંસેવકોને અલગ અલગ ટુકડીમાં વેંહેંચી, આવતીકાલના કાર્યનું આયોજન કરવામાં આવ્યું.











# ખાસ શિબિર

એમ.કે.કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ, એન.એસ.એસ. ખાસ શીબિર તા. ૨૦-૦૧-૨૦૨૩, શુક્રવાર, તવરા ગામના જાહેર સ્થળો મંગલ મઠ, રણછોડજી મંદિર, પ્રાચીન મહાદેવ મંદિર, પંચાયત ભવન, પ્રાથમિક શાળા તથા જાહેર સ્થળો એ આવેલ વૃક્ષોનું ગેરું ચૂનો કરી રંગ રોગાન કરવામાં આવ્યું. ....'રાષ્ટ્રના ઉત્થાનમાં યુવાનોની ભૂમિકા' વિષય પર શ્રી એચ.કે.પટેલ નું વકતવ્ય રાખવામાં આવ્યું. શ્રી મહિપત સિંહ રાઉલજી નું 'યુવાનોમાં દેશપ્રેમ અંગે સિનેમાનો ફાળો' વિષય પર વકતવ્ય ગોઠવવામાં આવ્યું. બપોર બાદ તવરા ગામમાં પશુ ચિકિત્સા કેમ્પ અને રસીકરણનો કેમ્પ રાખવામાં આવેલ.

























# તવરા ગામમાં ભરૂચ ની એમ.કે કોલેજનો એન.એસ.એસ. કેમ્પનું આયોજન



ભરૂચ : વિદ્યાર્થીઓ ગ્રામાભિમુખ બને પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તેમજ સમાજ ઉપયોગી પ્રવૃતિ રસ લેતા થાય તે ઉદ્દેશ સાથે એમ.કે. કોલેજ ઓફ કોમર્સ દ્વારા વિદ્યાર્થીઓ નો વાર્ષિક એન.એસ.એસ. શિબિરનું આયોજન તવરા ગામ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજ ના આચાર્ય વિજય જોષી, મહંત ચેતનદાસ, સરપંચ નારસંગ વસાવા, ઉપસરપંચ હિંમતસિંહ પરમાર તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા . સમગ્ર આયોજન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રો. આઈ.ડી પટેલ. પ્રો.ડો. પી.જે મિસ્ત્રી પ્રો પી.એન પસ્તાગીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખાસ શિબિર

નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા,તા.નેત્રંગ, જી.ભરૂચ ના એન.એસ.એસ. એકમ દ્વારા ડેડીયાપડા ના સૂકા આંબા ની માધ્યમિક સ્કૂલ ખાતે ખાસ શિબિર ,વિષય : રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સજીવ ખેતી જનજાગૃતિ .તા.૩૦ /૧/૨૦૨૩ થી ૫/૧/૨૦૨૩ દરમિયાન યોજવામાં આવી.( સૂકા અંબા ગામની વિશેષતા એ છે કે ડેડીયાપડા માર્કેટમાંમાં ૮૦ ટકા શાકભાજી એમની જાય છે.) તા.૩૦ ના રોજ થવા થી ગાંધી નિર્વાણ દિને ગાંધીજી ની પ્રતિમા ને પુષ્પ અર્પણ કરી શાંતિ પ્રાર્થના કરી શિબિરમાં જવા પ્રસ્થાન થયા. ઉદ્ઘાટન સમારોહમાં નર્મદા જી.પં. ના શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી શાંતાબેન વસાવા,તા.પં. ના પ્રમુખશ્રી તારાબેન રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેનશ્રી શાંતાબેન વસાવાએ વિદ્યાર્થીઓ ને એન.એસ.એસ.મા તાલીમ મેળવી જીવનમાં આગળ વધવાના અનેક ઉદાહરણો આપી જીવનમાં ઉતારવા જણાવ્યું તેમજ સરકારશ્રીની અનેક યોજનાઓ ની માહિતી આપી હતી.સજીવ ખેતીનું મહત્વ સમજાવી ખેડૂતો સુધી માહિતી પહોંચાડવા આગ્રહ કર્યો હતો. સરપંચશ્રી,તલાટીમંત્રીશ્રી ,સ્કૂલના આચાર્યશ્રીનો સહકાર મળ્યો હતો.ત્યારબાદ કેમ્પસમાં સફાઇ કરી સાંજે પ્રાર્થનામાં અહેવાલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી છુટા પડ્યા.










# ખાસ શિબિર

નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવાના N.S.S. ના સ્વયં સેવકોએ મોટા સૂકા આંબા ખાતે વહેલી સવારે સ્કૂલના મેદાનમાં યોગ, સૂર્ય નમસ્કાર તેમજ જુદી જુદી કસરતો કરી હતી. ગામમાં આરોગ્ય,પર્યાવરણ, વ્યસન મુકિત, બેટી બચાવો, સજીવ ખેતી અંગેના સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - ડેડીયાપાડા થી ડૉ. પ્રમોદકુમાર વર્મા સાહેબે પધારીને "એન.એસ.એસ.અને સજીવ ખેતી" ઉપર સરસ ઉપયોગી માહિતી આપી હતી. ત્યારબાદ સ્વંય સેવકોએ શાકભાજીના ખેતરોની મુલાકત લઇ ખેડૂતો સાથે ઉત્તમ ખેતી અને સજીવ ખેતી અંગે વિચારોની આપ લે કરી હતી. સાંજે ભોજન લીધા બાદ પ્રાર્થનામાં દરેક ટુકડીના લીડરોએ અહેવાલ રજૂ કર્યો. આમ આજના દિવસની પ્રવૃતિ પૂર્ણ કરી.


















# ખાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના પુલ ફળિયા, વાલોડ મુકામે રાષ્ટ્રીય સેવા યોજનાનો લોકમાતા વાલ્મીકિ તટ સફાઈ, સ્વચ્છતા અભિયાન, જન જાગૃતિ વાર્ષિક ખાસ શિબિર ઉદ્ઘાટન કાર્યક્રમમાં સમારોહના પ્રમુખ તરીકે તરલાબેન શાહ, અગ્રણી સમાજ સેવક અને પ્રમુખશ્રી, વેડછી પ્રદેશ સેવા સમિતિ, અતિથિ વિષેશશ્રી ડૉ. જયંતિભાઈ ચૌધરી, આચાર્યશ્રી બુહારી કોલેજ, આમંત્રિત મહેમાનોમાં ડૉ. અંજનાબેન ચૌધરી, આચાર્યશ્રી, બી એડ કોલેજ ગાંધી વિદ્યાપીઠ વેડછી, સ. ગો. હાઈસ્કુલના આચાર્યશ્રી યોગેશભાઈ પટેલ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.











# ખાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના પુલ ફળિયા, વાલોડ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક ખાસ શિબિર ના ત્રીજા દિવસે સવારે પ્રભાતફેરીથી દિવસની શરૂઆત કરી ત્યારબાદ યોગાભ્યાસ કરવામાં આવ્યો. સવારના નાસ્તા પછી વિદ્યાર્થીઓએ લોકમાતા વાલ્મીકિ તટ કિનારે આવેલા મહાદેવ મંદિર પરિસરના આસપાસના વિસ્તારની સ્વચ્છતા અભિયાનની કામગીરી કરી.















સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના પુલ ફળિયા, વાલોડ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક ખાસ શિબિર ના બીજા દિવસે વિદ્યાર્થીઓ દ્વારા ભોજન વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવ્યું.






















# ખાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના પુલ ફળિયા, વાલોડ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક ખાસ શિબિર ના બીજા દિવસે વિધ્યાર્થીઓએ લોકમાતા વાલ્મીકિ તટ સ્વચ્છતા અભિયાનની કામગીરી કરી.












# ખાસ શિબિર

*સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના ઉપક્રમે વાલોડમાં ચાલી રહેલ એન એસ એસ ની ખાસ વાર્ષિક શિબિરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૨/૦૧/૨૦૨૩ રવિવારના રોજ સાત દિવસીય શિબિરના ત્રીજા દિવસે એચઆઈવી એઈડ્સ જનજાગૃતિ અંતર્ગત રેડ રીબન કલબ ગુજરાત સ્ટેટ, એઈડ્સ કંટ્રોલ સોસાયટી અંતર્ગત સહયોગ મહિલા સંસ્થામાંથી પધારેલ પ્રોગ્રામ ઓફિસરશ્રી પંકજભાઈ પટેલના બૌદ્ધિકનું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તેમણે શિબિરમાં જોડાયેલા સ્વયંસેવકોને એચઆઇવી પોઝિટિવ દર્દીઓ સાથે સહાનુભૂતિ રાખવી તેમજ દર્દીઓને લેવાની થતી એઆરટી અને સીપીટી દવાઓ નિયમિત લેવડાવવા સહિતની વિસ્તૃત જાણકારી આપી હતી. વ્યાખ્યાન બાદ એચઆઈવી એઈડ્સ અંગે વિદ્યાર્થીઓ દ્વારા ડ્રોઈંગ કોમ્પીટીશન રાખવામાં આવી હતી જેમાં ૨૦ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં કુલ ૫૦ શિબિરાર્થી વિદ્યાર્થીઓ અને ૪ પ્રાધ્યાપકો જોડાયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફીસર ડૉ. કેતન મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.
















સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના ઉપક્રમે વાલોડમાં ચાલી રહેલ એન એસ એસ ની ખાસ વાર્ષિક શિબિરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અને પંચ પ્રકલ્પ યોજના અંતર્ગત તા.૨૩/૦૧/૨૦૨૩, સોમવારના રોજ શિબિરના ચોથા દીવસે "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" વિષય પર બૌદ્ધિક સત્રનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ખેતી નિયામકની કચેરી તાપી જિલ્લામાંથી પધારેલ આત્મા પ્રોજેકટ મેનેજર શ્રી વિનોદભાઈ અને દેગામા મુકામેથી પધારેલ પ્રતિષ્ઠિત ખેડૂત જયેશભાઇ પટેલ દ્વારા ઉપરોકત વિષય પર ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીનાં ફાયદાઓ વિશે ખુબ જ રસપ્રદ અને વિસ્તૃત માહિતી આપવામાં આવી.








# ખાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જિ-તાપીના ઉપક્રમે વાલોડમાં ચાલી રહેલ એન એસ એસ ની ખાસ વાર્ષિક શિબિરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૨૪/૦૧/૨૦૨૩ મંગળવારના રોજ સાત દિવસીય શિબિરના પાંચમા દિવસે એનએસએસ શિબિરમાં જોડાયેલા સ્વયંસેવકો દ્વારા વાલોડ ચાર રસ્તાથી સફાઇ અભિયાનની શરૂઆત કરવામાં આવી. સ્વયંસેવકો દ્વારા સ્વ. જુગતરામ દવેની પ્રતિમાની સાફ સફાઇ કરી હાર પહેરાવવામાં આવ્યો. ત્યાર બાદ વાલોડ ગામના મુખ્ય રસ્તાઓની સાફ સફાઇ કરી પ્લાસ્ટીક મુકત કરવામાં આવ્યા.













એન એસ એસ ખાસ વાર્ષિક શિબિર પ્રથમ દિવસ. સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ.



# ખાસ શિબિર

સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ (તા. ઉમરગામ, જી. વલસાડ), રાષ્ટ્રીય સેવા યોજના વિભાગની "ખાસ શિબિર -૨૦૨૨-૨૩" તા. ૨૨/૦૧/૨૦૨૩ થી ૨૮/૦૧/૨૦૨૩ દરમિયાન શ્રી વિવેકાનંદ હાઇસ્કુલ, માણેકપુર (વાયા સંજાણ. જી. વલસાડ) ખાતે યોજવામાં આવેલ છે. આ શિબિરનું ઉદઘાટન તા. ૨૨/૦૧/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. આ શિબિર ઉદ્ઘાટન કાર્યક્રમમાં સમારોહના પ્રમુખ તરીકે ધારાસભ્ય માનનીય શ્રી રમણભાઇ પાટકર (તા.ઉમરગામ) ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે શ્રી મુકેશભાઈ પટેલ (જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન) શ્રી દિલીપભાઈ ભંડારી (ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ), શ્રી જીગ્નેશભાઈ બારી (ઉમરગામ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન પ્રમુખ), શ્રી નરેન્દ્રભાઇ નાયક (તાલુકાના સરપંચશ્રી ના પ્રમુખ), શ્રી શેખરભાઈ આરેકર (ભાજપ ઉપપ્રમુખ), શ્રી રાકેશભાઈ વઘાત (સરપંચશ્રી માણેકપોર ગામ) તેમજ અમરતભાઈ ધોડી (સરપંચશ્રી મમકવાડા ગામ) ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન ડો. હિરેનકુમાર પટેલ , એનએસએસ પ્રોગ્રામ ઓફીસર, સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ દ્વારા કરવામાં આવ્યું હતું.







RNI NO GUJGUJ/2009/29095

# ગુજરાત હોટલાઈન

E-mail: gujarathotline2013@gmail.com

તંત્રી: નરોત્તમ પટેલ, મો. 9377016499 સહતંત્રી: નિતિન પટેલ, મો. 7874032266

મુખ્ય કાર્યાલય: ૧૦૩, કૃષ્ણકુંજ કોમ્પલેક્ષ, ઇમરાનનગર, વાપી સેલવાસ રોડ, વાપી. જિ. વલસાડ, ૩૯૬ ૧૯૧ મો.: ૯૭૨૭૮૯૬૪૯૯

## સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના વિભાગની "ખાસ શિબિર -૨૦૨૨-૨૩" નું

## ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે કરવામાં આવેલું ઉદ્ઘાટન




ગુજરાત હોટલાઇન ન્યૂઝ

ઉમરગામ.તા.23 જાન્યુઆરી: સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ રાષ્ટ્રીય સેવા યોજના વિભાગની "ખાસ શિબિર -૨૦૨૨-૨૩" ૨૨/૦૧/૨૦૨૩ થી ૨૮/૦૧/૨૦૨૩ દરમિયાન શ્રી વિવેકાનંદ હાઇસ્કુલ, માણેકપુર ખાતે યોજવામાં આવેલ છે. આ શિબિરનું ઉદઘાટન તા. ૨૨/૦૧/૨૦૨૨ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું. આ શિબિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં સમારોહના પ્રમુખ તરીકે ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણભાઇ પાટકર ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે શ્રી મુકેશભાઈ પટેલ જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન, શ્રી દિલીપભાઈ ભંડારી ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીગ્નેશભાઈ બારીઉમરગામ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશન પ્રમુખશ્રી નરેન્દ્રભાઇ નાયક તાલુકાના સરપંચશ્રીના પ્રમુખ શ્રી શેખરભાઈ આરેકર ભાજપ ઉપપ્રમુખશ્રી રાકેશભાઈ વઘાત સરપંચશ્રી માણેકપોર ગામ તેમજ અમરતભાઈ ધોડી સરપંચશ્રી મમકવાડા ગામ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન ડો. હિરેનકુમાર પટેલ , એનએસએસ પ્રોગ્રામ ઓફીસર, સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ દ્વારા કરવામાં આવ્યું હતું.

વલસાડ જિલ્લાની સમસ્યા હોય કે આજુબાજુ વિસ્તારની સમસ્યા હોય તેમજ પ્રેસનોટ અને જાહેરાત માટે સંપર્ક કરો.નિતિન પટેલ. મો. 7874032266










સરકારી વિનયન અને વાણિજય કોલેજ ભીલાડ માં એન. એસ. એસ. વિભાગ દ્વારા ૭ દિવસીય ખાસ શિબિર નું આયોજન તા. ૧/૦૨/૨૦૨૩ થી ૭/૦૨/૨૦૨૩ સુધી પ્રાથમિક શાળા માલસેત ગામ મુકામે યોજવામાં આવ્યું. જેમાં પ્રથમ દિવસે ઉદઘાટન સત્રમાં ઉદઘાટકશ્રીના રૂપે સરકારી વિનયન કોલેજ, કપરાડા નાં આચાર્ય શ્રી ડૉ. ડી. એન.દેવરી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા તથા તેમણે એન.એસ.એસ. નાં સ્વયમ્ સેવકો ને પ્રોત્સાહિત કર્યા તથા શિબિર સફળતા પૂર્વક પૂર્ણ થાય તેવી શુભકામનાઓ આપી. મુખ્ય અતિથિનાં રૂપે સરકારી વિજ્ઞાન કૉલેજ, પારડી નાં આચાર્ય શ્રી ડૉ. એસ.એ.વસાવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ શિબિર માટે શુભ કામનાઓ આપી. માલખેત ગામનાં સરપંચ શ્રીમતી હસુમતીબેન પાગી પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ ભીલાડ નાં આચાર્ય શ્રી ડૉ. કે. એ. ભોએ સાહેબે પણ પ્રેરક પ્રવચન આપ્યું હતું. માલસેત પ્રાથમિક શાળા ના મુખ્ય શિક્ષક શ્રી રજનીશ ભાઈ ટંડેલે શાળા વિશે જણાવતાં શુભકામનાઓ આપી. એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. ધર્મેશભાઈ પટેલે અઠવાડિયા દરમિયાન થનાર પ્રવૃત્તિઓની ચર્ચા કરી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્વયમ્ સેવિકા સિફા શેખે કર્યું હતું. તથા આભાર વિધી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. નીલમ સેને કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં એન એસ એસ સ્વયં સેવકો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. બપોર ના સત્રમાં બોદ્ધિક વ્યાખ્યાન ની પ્રથમ કડીમાં વિનયન અને વાણિજ્ય કૉલેજ, મોટાપોંઢાનાં આચાર્ય શ્રી એસ. યુ. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે સ્વયમ્ સેવકો ને કઇ કઇ બાબતો નુ ધ્યાન રાખવું સાથે સેવા કાર્યો ની ચર્ચા કરી હતી.










સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભીલાડના NSS વિભાગ દ્વારા માલખેત મુકામે સાત દિવસીય ખાસ શિબિરમાં જનજાગૃતિ શિબિર નું આયોજન થયેલ છે. જેમાં આજ રોજ તા.૦૨-૦૨-૨૦૨૩ ના દિને સવારે પ્રભાત ફેરી કાઢી હતી. પછી નગામ ગામ ખાતે આવેલ ભોલા બાબા ના આશ્રમ ની સાફ સફાઈ સ્વયમ્ સેવકો દ્વારા કરવામાં આવી, તથા ભજન ગીતો દ્વારા સ્વયમ્ સેવકો એ વાતાવરણ ને સુવાસિત કરી દીધું. પ્રકૃતિનાં સાનિધ્યમાં વિદ્યાર્થિઓ એ થોડો સમય પસાર કરીને પાછા નિવાસી શાળા માં પરત ફર્યા. ત્યાં ભોજન વાળી ટીમે ભોજન ની વ્યવસ્થા કરી રાખી, બધાયે ભોજન લઈને વિદ્યાર્થિઓ એ બપોરે બોધ્ધિક સત્ર માં રાકેશ પટેલ સાહેબ અને સુનીલ ટેલર સાહેબનાં બોધ્ધિક વ્યાખ્યાન નું લાભ લીધો. એના બાદ સ્વયંસેવકોએ માલખેત ગામ માં જઈને રકતદાન વિશે લોકો ને મહિતીગાર કરીને રકતદાન માટે પ્રેરિત કર્યા. એનાં બાદ રાત્રી ભોજન લઈને રાત્રી સભા માં ચર્ચા સભા કરીને, પ્રાર્થના સાથે બીજા દિવસ નાં કાર્ય પૂર્ણ થયુ...















# ખાસ શિબિર

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભીલાડના NSS વિભાગ દ્વારા માલખેત મુકામે સાત દિવસીય ખાસ શિબિરમાં આજે તા. ૩/૨/૨૦૨૩ ત્રીજા દિવસે પ્રભાત ફેરી કાઢી, અને કલગામ મંદિર તથા તેની પાસે આવેલું મારુતિ નંદન વન માં વિદ્યાર્થિઓએ મુલાકાત લીધી. જ્યાં તેમણે વન માં સ્થિત પાર્ક ની મુલાકાત લીધી અને ત્યાં જ સ્વયમ્ સેવકો દ્વારા ચા નાસ્તો બનાનવવામાં આવ્યો અને કલગામ ગામમાં સાફ સફાઈ પણ કરવામાં આવી. ત્યાર પછી નિવાસી શાળા માં આવીને ભોજન લઈને બપોર નાં સત્ર માં ખતલવાડ સરકારી હોસ્પિટલ ના મેડિકલ ઓફીસર શ્રી ડૉ. ગિરીશ પટેલ સાહેબ નું વકતવ્ય હતું, જેમાં તેમને આ વિસ્તાર માં પ્રસરિત રોગ 'સિકલ સેલ' વિશે માર્ગ દર્શન આપવામાં આવ્યું.તથા તેની તકેદારી રાખવા માટે યોગ્ય સલાહ સૂચન આપવામાં આવ્યું. ત્યાર બાદ સ્વયં સેવકોઓ ફરીથી જન જાગૃતી અભિયાન માટે તથા મેડિકલ તપાસ અને બ્લડ ડોનેશન કેમ્પ તાં.૦૪/૦૨/૨૦૨૩ નાં રોજ પ્રાથમિક મુખ્ય શાળા માલખેતનાં સ્થળે આવી ગ્રામજનોને બ્લડ ડોનેશન કરે એવા ઉમદા હેતુ થી ગામ ની મુલાકાતે ગયા.અને બ્લડ ડોનેટ કરવાં પ્રેરિત કર્યા. ત્યારબાદ રાત્રી ભોજન લઈને અંતિમ સત્ર માં અહેવાલ વાંચન કરીને દિવસ નાં કાર્યક્રમ નું સમાપન કર્યું.

















# ખાસ શિબિર

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભીલાડ નાં એન. એસ. એસ. વિભાગ દ્વારા માલખેત મુકામે સાત દિવસીય ખાસ શિબિરમાં આજે તા. ૦૫/૦૨/૨૦૨૩ પાંચમા દિવસે વહેલી સવારે પ્રભાતફેરી કાઢી અને નિવાસી શાળાના કેમ્પસ, ગાર્ડન, પેસેજ, લોબી ની સાફ સફાઇ સ્વયમ્ સેવકો દ્વારા કરવામાં આવી. ત્યારબાદ કોલેજના ગુજરાતી વિષયનાં પ્રા. ડો. પ્રવીણ સલીયા અને ડો. રાજેન્દ્રભાઈ બાંભણિયા શિબિર ની મુલાકાતે આવ્યા હતા. ડો. પ્રવીણ સલીયાએ નાટક ની વિસ્તૃત સમજૂતી વિદ્યાર્થીઓને આપી હતી. ત્યારબાદ ભોજન વિરામ બાદ મધ્યાહન સત્રનાં બોધદ્ધિક સત્રમાં સરકારી કોલેજ દમણના પ્રા. ડો. કિશોર સિરકે સાહેબે વિદ્યાર્થીઓને 'COMMUNICATION' વિષય અને તેના સ્કીલ વિશે વિસ્તૃત વાત કરીને વિદ્યાર્થીઓને પોતાના વિચારોથી લાભાન્વિત કર્યા હતા. તેના બાદ રાત નું ભોજન લઈને રાત્રી સભામાં દિવસભર નું અહેવાલ વાંચન કરવામાં આવ્યું, ત્યારબાદ પ્રાર્થના બાદ સભા વિસર્જિત કરવામાં આવી હતી.















સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભીલાડ નાં એન.એસ.એસ. દ્વારા આયોજિત વાર્ષિક ખાસ શિબિર નાં સમાપન કાર્યક્રમનું તા. ૬/૨/૨૦૨૩ નાં રોજ માલખેત ગામમાં રાખવામાં આવ્યો. જેમાં અધ્યક્ષ તરીકે ઉમરગામ તાલુકાના ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકર સાહેબ, મુખ્ય મહેમાન તરીકે માલખેતનાં સરપંચ શ્રીમતી હસૂમતીબેન પાગી તથા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનાં આચાર્ય શ્રી ડો. કે. એ. ભોયે તથા એન.એસ.એસ. નાં સ્વયમ્ સેવકો તથા માલખેત મુખ્ય શાળાના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ અને ગ્રામજન ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી. NSS પ્રોગ્રામ ઓફિસર ડો.નીલમ એ સેને અઠવાડિયા દરમિયાન થયેલ સેવા પ્રવૃત્તિઓનું વાંચન કર્યું હતું. ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકર સાહેબે, સરપંચ શ્રી એ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નાં એન. એસ. એસ. નાં સ્વયમ્ સેવકો તથા પ્રોગ્રામ ઓફિસરનો અભિવાદન કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજ નાં આચાર્ય શ્રી ડો. ભોયે સાહેબે સમાજમાં એન. એસ. એસ. ની મહત્તા સમજાવતા સ્વયમ સેવકો ને સેવા કાર્યો બદલ આવકાર્યા હતા. એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. ધર્મેશભાઈ પટેલે સમસ્ત શાળા પરિવાર તથા ગામ પ્રત્યે આભાર પ્રકટ કર્યું હતું. NSS વિભાગ દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રુપે શૈક્ષણીક કીટ વિતરિત કરવામાં આવી. લોકો વ્યસન મુકત બને, સમાજ માંથી અંધશ્રદ્ધા દુર થાય એવા ઉમદા હેતુ સર છેલ્લે જાદુગર ડી. લાલ. નાં જાદૂ સાથે નું આયોજન કરવામાં આવ્યું હતું...







## ગાર્ડા કોલેજના એન.એસ.એસ. શિબિરમાં રક્તદાન અને ભજન સંધ્યા

એસ.બી.ગાર્ડા કોલેજની રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વાળા ગામે યોજાયેલ સાત દિવસ ની શિબિરના ચોથા દિવસે તા.૧૯/૦૧/૨૦૨૩ ના રોજ રેડક્રોસ નવસારીના સહયોગથી રક્તદાન શિબિર યોજાયો હતો. આ શિબિરમાં રેડક્રોસ સ્ટાફ તથા ડોક્ટર ઉપસ્થિત રહ્યા હતા. શિબિરાર્થીઓએ વાળા ગામમાં રક્તદાન ની જરૂરિયાત અને મહત્વ અંગે ગ્રામજનોમાં જાગૃતિ લાવવા ઘરે ઘરે ફરી ને માહિતી આપી હતી. તેના ફળ સ્વરૂપ કુલ ૨૨ યુનિટ રક્તદાન થયું હતું. આ સાથે શિબિરાર્થીઓ દ્વારા રેડક્રોસ ના સ્ટાફ માટે નાસ્તો અને ભોજનની વ્યવસ્થા કરી હતી. વિશેષ માં ગ્રામ પંચાયત ની આસપાસ વૃક્ષારોપણ, હળપતિવાસમાં સફાઈ અભિયાન તથા મુખ્ય માર્ગ પર પથ્થરો હટાવી જમીન લેવલ કરવાનું કામ કર્યું હતું. સાંજ ના સમયે સૌ શિબિરાર્થીઓએ વ્યસન મુક્તિ, રાષ્ટ્રીય એકતા, શિક્ષણ અને સર્વધર્મ સમભાવના નારા બોલાવી લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યું હતું. રાત્રી ના સમયે વાડા ગામ ના ભજન સમ્રાટ પરભુભાઈ દ્વારા ભજન સંધ્યામાં સૌ શિબિરાર્થીઓ તથા ગ્રામજનોએ ભક્તિ અને ભજનનો લહાવો લીધો હતો. આ પ્રસંગે કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો.ધર્મવીર ગુર્જર, ઉપઆચર્ય શ્રી મહેશભાઈ નાયક, , ઉપઆચર્ય ડો. હિતેશભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રીમતી રશના બેન પાલ્યા, ભૂતપૂર્વ પ્રો. કીર્તિદા બેન દેસાઈ, શ્રી નીપુલભાઈ મિસ્ત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઇન્ચાર્જઆચર્યા શ્રી ડો. ધર્મવીર ગુર્જરે સૌ શિબિરાર્થીઓને શ્રમ અને સેવાનું માર્ગદર્શન આપી ગ્રામજનોનો આભાર પ્રગટ કર્યો હતો.






















## ગાર્ડા કોલેજના એન.એસ.એસ. શિબિરમાં રક્તદાન અને ભજન સંધ્યા
















Activity:- 7 day annual camp
Date :- 22/01/2023 to 28/01/2023
Venue:- Bhagdavada village
J.P. SHROFF ARTS COLLEGE, VALSAD





# ખાસ શિબિર

**ACTIVITY :- 7 DAY ANNUAL CAMP**
**DATE :- 22/01/2023 TO 28/01/2023**
**VENUE :- BHAGDAVADA VILLAGE**
**TIME:- 10:00 TO 11:00 AM**
**GUEST LECTURER - SHRI ASHWINBHAI RAWAL**
**TOPIC - KARTVYA BODH**
J.P. SHROFF ARTS COLLEGE, VALSAD









શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના દ્વિતિય દિવસે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો,જેમાં પ્રમુખ તરીકે વલસાડ તાલુકાના ધારાસભ્ય ભરતભાઈ પટેલ એ હાજર રહી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા, કાર્યક્રમ નાં ઉદઘાટક તરીકે નૂતન કેળવણી મંડળ વલસાડ નાં માનદ મંત્રી કીર્તિ ભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ભાગડાવડા ગામ નાં સરપંચ અને અન્ય મહાનુભાવો એ હાજર રહી,શિબિર નું મંગલાચરણ કરાવ્યું હતું.
















શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે .આજના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી ત્યારબાદ શ્રમ કાર્ય કરવામાં આવ્યું હતું .












શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે .આજના ત્રીજા દિવસના બીજા સેશનમાં 'રોડ સેફ્ટી 'વિષય ઉપર નિવૃત્ત ટ્રાફિક ઇન્સ્પેક્ટર શ્રી રાજેન્દ્રભાઈ કાપશે નું વ્યાખ્યાન યોજાયું હતું.







## ખાસ શિબિર

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના ચોથા દિવસે સવારના સેશન ની શરૂઆત પ્રાર્થના, પ્રભાતફેરી અને યોગા દ્વારા કરવામાં આવી, ત્યારબાદ ગામના મહોલ્લાઓમાં માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, સવારે "ફ્રી નેત્ર ચિકિત્સા કેમ્પ"નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, તંદુરસ્ત બાળ સ્પર્ધા યોજાયી હતી. બીજા સેશન માં "ભગવતગીતા નાં સંદર્ભ માં લાઇફ ડેવલોપમેન્ટ" વિષય પર ડો.સ્નેહલભાઈ જોશી નું વ્યાખ્યાન યોજાયું હતું.
















શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના છઠ્ઠા દિવસે સવારના સેશન ની શરૂઆત પ્રાર્થના, પ્રભાતફેરી અને યોગા થી કરવામાં આવી. ત્યારબાદ તિથલ સ્વામિનારાયણ મંદિર ની મુલાકાત લેવામાં આવી અને દરિયા કિનારા ની સફાઈ કરવા માં આવી . બીજા સેશન માં ડો. અમૃતભાઈ પટેલ અને સિમરન કોઠારી નું વ્યાખ્યાન યોજાયું.












# ખાસ શિબિર

શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના પાંચમા દિવસે સવારના સેશન ની શરૂઆત પ્રાર્થના, પ્રભાતફેરી થી કરવામાં આવી. ત્યારબાદ ગામની પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ સાથે ધ્વજ વંદનના કાર્યક્રમમાં હાજરી આપી ત્યારબાદ ગામમાં વેક્સિનેશન ના સર્વેને કામગીરી હાથ ધરવામાં આવી. કાર્યક્રમના બીજા સેશનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો જેમાં નાટક, એકાંકી, લોકગીત, ડાંગી નૃત્ય, ડાન્સ ,દેશભકિત ગીત ગેરેની પ્રસ્તુતિ થઈ હતી.









શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટ્સ કોલેજ વલસાડના NSS વિભાગ દ્વારા તા.-૨૨/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન વલસાડ તાલુકાના ભાગડાવડા ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના પાંચમા દિવસે સવારના સેશન ની શરૂઆત પ્રાર્થના, પ્રભાતફેરી થી કરવામાં આવી. ત્યારબાદ ગામની પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓ સાથે ધ્વજ વંદનના કાર્યક્રમમાં હાજરી આપી ત્યારબાદ ગામમાં વેક્સિનેશન ના સર્વેને કામગીરી હાથ ધરવામાં આવી. કાર્યક્રમના બીજા સેશનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો જેમાં નાટક, એકાંકી, લોકગીત, ડાંગી નૃત્ય, ડાન્સ ,દેશભકિત ગીત ગેરેની પ્રસ્તુતિ થઈ હતી.
















# ખાસ શિબિર

ARTS, SCIENCE AND COMMERCE COLLEGE KHOLWAD ના NSS વિભાગ દ્વારા તા.-૨૩/૧/૨૦૨૩ થી ૨૮ /૧/ ૨૦૨૩ દરમિયાન કામરેજ તાલુકાના માંકના ગામ ખાતે 'વાર્ષિક શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું છે.આજના પ્રથમ દિવસે ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો,જેમાં પ્રમુખ તરીકે શ્રીમતી જેતલબેન પટેલ,સરપંચશ્રી,માંકનગામ એ હાજર રહી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કર્યા હતા, કાર્યક્રમ નાં ઉદઘાટક તરીકે દે.સરપંચ મિતેશભાઈ હાજર રહ્યા હતા. NSS CO-ORDINATOR,VNSGU,SURAT ના શ્રી પ્રકાશચંદ્ એ શુભેચ્છા પાઠવી હતી, ઉપરાંત દર્શનભાઈ પટેલ,રસીકભાઈ પટેલ,કિશોરભાઇ પગી તથા અન્ય મહાનુભાવો એ હાજર રહી,શિબિર નું મંગલાચરણ કરાવ્યું હતું.







# ખાસ શિબિર

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ *કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિર( રાજપરા ગામ): DAY-1: DATE: ૨૩/૦૧/૨૦૨૩, સોમવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના પ્રથમ દિવસે પ્રાથમિક શાળામાં ઉદ્ઘાટન સમારંભમાં પ્રાર્થના અને NSS ગીતથી વાર્ષિક શિબિરની શરૂઆત કરી હતી. ઉદ્ઘાટન સમારંભમાં શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટીના સહમંત્રી શ્રી અશ્વિનસિંહ વિહારીઆ તથા રાજપરા ગામના સરપંચશ્રી દ્વારા વાર્ષિક શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારંભમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પથી સ્વાગત કર્યું હતું. વાર્ષિક શિબિરના પ્રમુખ અશ્વિનસિંહ વિહારીઆ, શાળાના શિક્ષક પટેલ રાકેશ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ દ્વારા પ્રાસંગિક વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ગાયત્રી શકિતપીઠ સેવાટ્રસ્ટ(ભરુચ) દ્વારા દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વારના ઈન્ટર્ન બહેનો દ્વારા કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓને “તણાવપ્રબંધન અને નારી જાગરણ” વિષય પર ખૂબ જ અસરકારક વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારંભમાં કોલેજ પ્રાધ્યાપકગણ અને વિદ્યાર્થીનીઓ, શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ, ગામના સરપંચશ્રી તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિલાવરખાન એન. પઠાણ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.










શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિર( રાજપરા ગામ): Day-2: Date: ૨૪/૦૧/૨૦૨૩, મંગળવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના બીજા દિવસે વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી, તથા વિદ્યાર્થીનીઓ દ્વારા "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત શાળા કેમ્પસ સફાઈ, શાળા કેમ્પસ પ્લાસ્ટિક કચરા એકત્રિકરણ અને નિકાલ, ગ્રામ સ્વચ્છતા અંતર્ગત ગ્રામ પંચાયત અને સબ સેન્ટરની સફાઈ, પ્લાસ્ટિક કચરા સફાઈ કરવામાં આવી હતી. તદુપરાંત બૌદ્ધિક પ્રવૃત્તિ અંતર્ગત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત શ્રી મદનભાઈ વારડે તથા પરસોત્તમ સોલંકી દ્વારા "પ્રાકૃતિક ખેતી" વિષય પર પ્રાકૃતિક ખેતીની રીત, ફાયદાઓ સંબંધિત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિલાવરખાન એન. પઠાણ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.












શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર(રાજપરા ગામ)ઃ DAY-5: DATE: ૨૭/૦૧/૨૦૨૩, શુક્રવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના પાંચમા દિવસે વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ અલ્પાહાર કર્યા પછી સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત શાળા કેમ્પસની સફાઈ કરવામાં આવી હતી. સબ સેન્ટર(રાજપરા)ના સીએચઓ(કમ્યુનિટી હેલ્થ ઓફિસર) પરમાર વૈશાલી દ્વારા "સ્ત્રી સ્વાસ્થ્ય" વિષય પર આધારિત વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને સ્ત્રીરોગ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા જરૂરી દવાઓ આપવામાં આવી હતી. એન.એસ.એસ., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી(સુરત) દ્વારા સૂચિત "કર્તવ્ય બોધ" અંતર્ગત નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ "પરાક્રમ દિવસ"ની ઉજવણીના સંદર્ભમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં એન.એસ.એસ., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી(સુરત) દ્વારા વકતા તરીકે શ્રવણ સ્કુલ, ભરૂચના શિક્ષકશ્રી વિરલ પટેલની ફાળવણી કરવામાં આવી હતી. શ્રી વિરલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મ, જીવન પરિચય, મહત્વના જીવન પસંગો તથા નેતાજી સુભાષચંદ્ર બોઝના દેશ અને દેશભકિત વિશેના વિચારોની અસરકારક સમજૂતી આપવામાં આવી હતી. રાજપરા ગામના ખેડૂતશ્રી પરસોત્તમ સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાહી જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પ્રક્રિયા ડેમોન્સ્ટ્રેશન સહિત દર્શાવી હતી તથા તેના ઉપયોગ કરવાની રીત, તેના ફાયદાઓ વગેરેની વિસ્તૃત સમજ આપી હતી. તદુપરાંત દેશી ગાયની ઓળખ, લાભો વગેરે અંગે પણ તેમણે વિદ્યાર્થીઓને સમજ આપી હતી. વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિલાવરખાન એન. પઠાણ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ તથા કોલેજના પ્રાધ્યાપક પ્રા.ડૉ.રોશનકુમાર એન. ગામિત દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.






શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર(રાજપરા ગામ): DAY-6: DATE: ૨૮/૦૧/૨૦૨૩, શનિવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના છઠ્ઠા દિવસે વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ અલ્પાહાર કર્યા પછી સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત શાળા કેમ્પસની સફાઈ કરવામાં આવી હતી. પ્રાથમિક શાળા(રાજપરા)ના મદદનીશ શિક્ષકશ્રી જયંતિભાઈ વસાવા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ. સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓને યોગ અને પ્રાણાયામનું મહત્વ સમજાવી વિવિધ કસરતો, યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. રાજપરા ગામના પંચાયતના મેદાનમાં એન.એસ.એસ. સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના શિક્ષકશ્રી કૌશિક સોલંકી તથા વિદ્યાર્થીઓની મદદથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ખાટી આમલી, લિમડો, જાંબુડો, મહુડો, બદામ, ગુલમહોર, આંબો, પિપડો, બેહડો-વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું તથા જાળવણીની જવાબદારીનો શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સહર્ષ સ્વીકાર કર્યો છે. વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિલાવરખાન એન. પઠાણ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ તથા કોલેજના પ્રાધ્યાપક પ્રા.ડૉ.રોશનકુમાર એન. ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું.









Day -2 તા.૨૪/૦૧/૨૦૨૩ V.S PATEL COLLEGE

વેહલી સવારે બધા વિદ્યાર્થીઓએ નાહી ધોઇ સફાઈ કરી. ત્યારબાદ સવારે ૭ થી ૮ વાગ્યા દરમિયાન યોગા કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓ દ્વારા સવારનો નાસ્તો બનાવ્યો. નાસ્તો કરીને શિબિરનું ઉદઘાટન સમારંભ યોજવામાં આવ્યો. આ સમારંભ માં મુખ્ય મેહમાન તરીકે ખેરગામ કોલેજ ના આચાર્ય શ્રી સંજયભાઈ પધાર્યા હતા. તેમજ અતિથિ વિશેષ તરીકે સરપંચ અનિલભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય, બાબજુભાઈ ગાયકવાડ, શાળા વ્યવસ્થાપક હસમુખભાઈ ચૌધરી, ચીમનભાઈ ચૌધરી વગેરે મહાનુભાવ હાજર રહ્યા હતા. આ દરમિયાન સંજયભાઇએ NSS ને ધ્યાનમાં રાખીને ખૂબ સરસ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનો અંત NSS ગીત , NSS સમૂહ ગીત ને રાષ્ટ્રગીત સાથે સમારંભ નો અંત કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા બપોરનું ભોજન તૈયાર કરવામાં આવ્યું. બપોર પછી ભૂતપૂર્વ NSS ઓફિસર પ્રા. જયંતભાઈ પટેલ દ્વારા NSS ના ઈતિહાસ અને NSS નું મહત્વ વ્યાખ્યાન સમજાવવામાં આવ્યું. સાંજના સમય માં વિદ્યાર્થીઓ દ્વારા શ્રમકાર્ય કરવામાં આવ્યું. શ્રમકાર્ય બાદ મીટીંગ કરવામાં આવી જેમાં બધા વિદ્યાર્થીઓને આગળના દિવસની માહિતી આપવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થિઓ દ્વારા રાતનું ભોજન તૈયાર કરવામાં આવ્યું અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના કરી ભોજન ગ્રહણ કરવામાં આવ્યું.













Day-5 27/01/2023

વહેલી સવારે પક્ષીઓના કલરવ સાથે વિદ્યાર્થીઓએ યોગા કર્યા અને શાળાના પટાંગણની સફાઈ હાથ ધરી અને અમુક ટુકડીઓ દ્વારા બપોરનું ભોજન તૈયાર કર્યું. સવારે ૧૦:૩૦ વાગ્યે વી. એસ. પટેલ કોલેજ ના સ્ટેટેસ્તિક વિભાગના ભૂતપૂર્વ પ્રાધ્યાપક મોહનભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના ઉપદેશ આપવામાં આવ્યા તથા એમના દ્વારા લાંબા સમય સુધી ફીટ રહેવા માટેની સલાહો આપવામાં આવી. બપોરનું ભોજન કરી NSS વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ૨:૩૦ વાગ્યા થી ૩:૪૫ વાગ્યા સુધી પ્રશિક્ષણ આપવામાં આવ્યું. ત્યારબાદ NSS ના વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને અલગ અલગ રમતો રમાડવામાં આવી જેવી કે લીંબુ ચમચી, કેળા કુદ, સંગીત ખુરશી, ખો - ખો, કબડ્ડી વગેરે. રમતો રમીને વિદ્યાર્થીઓને ગરબા રમાડવામાં આવ્યા તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા રસોઈ બનાવવામાં આવી. લગભગ ૯:૦૦ વાગ્યે જમ્યા બાદ મીટીંગ યોજવામાં આવી જેમાં અહેવાલ લેખન અને અહેવાલ વાંચન કરવામાં આવ્યું અને છૂટા પડ્યા.

Day -6 28/01/2023

વહેલી સવારે ૬:૦૦ વાગ્યે વિદ્યાર્થીઓને ડુંગર ની સફાઈ તથા વિદ્યાર્થીઓ સાહસી બને તે હેતુ સર ટ્રેકિંગ શીખવવા માટે નજીક માં આવેલ તોરણીયા ડુંગર પર લઈ જવામાં આવ્યા જેના માટે વિદ્યાર્થીઓએ વહેલી સવારે નાસ્તો તૈયાર કર્યો. આ દરમિયાન વી. એસ. પટેલ કોલેજના પી. ટી. ના પ્રાધ્યાપક મેજર ભાવેશભાઈ દેવતા અને આચાર્ય ડૉ. અરવિંદ બજાજ સાહેબે મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓને યોગ્ય પ્રોત્સાહન આપ્યું. આ તાલીમ NCC વિભાગના હાલના અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ચાલ્યો જેમાં ડુંગર ઉપર જ વિદ્યાર્થીઓ દ્વારા ભોજન તૈયાર કર્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓને નજીક માં આવેલ રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટમાં લઈ જવામાં આવ્યા. જ્યાં તેમનો આત્મવિશ્વાસ વધારવા માટે અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવી તથા યૌવન સરિતા વિશે ની સમજ પૂરી પાડી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા રાત્રિ ભોજન તૈયાર કરી ભોજન ગ્રહણ કરવામાં આવ્યું. રાત્રિ મિટિંગમાં વિદ્યાર્થીઓને આગળના દિવસની દિનચર્યા સમજાવી અહેવાલ લેખન અને અહેવાલ વાંચન કરવામાં આવ્યું.











DAY -4 26 જાન્યુઆરી ૨૦૨૩

આજના દિનની શરૂઆત પ્રભાતફેરી સાથે કરવા આવી જેમાં શાળાના વિદ્યાર્થીઓ સાથે NSS ના વિદ્યાર્થીઓ દ્વારા નારાઓ સાથે ફેરી કરવામાં આવી. આ ફેરી બાદ ૮:૩૦ વાગ્યે બધા વિદ્યાર્થીઓ શાળાના કેમ્પસ માં હાજર થઈ ગયા. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને NSS ના વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે ધ્વજ વંદન કરવામાં આવ્યું. NSS માં સંકળાયેલી ૩ વિદ્યાર્થીનીઓ દ્વારા દેશભક્તિ ગીત ગાવામાં આવ્યું. ત્યારબાદ સવારનો નાસ્તો પૂર્ણ કર્યાં બાદ ચશ્મા શિબિરનું અને આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ચશ્મા શિબિરમાં ૫ રૂપિયા પ્રમાણે તપાસ જ્યારે આયુર્વેદિક કેમ્પ માં મફત તપાસ અને મફત દવાઓનું વિતરણ કરવામાં આવ્યું. આ કેમ્પમાં શાળાના તથા ગામ ના સભ્યો મળીને કુલ ૨૦૦ જેટલા સભ્યોએ આ કેમ્પનો લાભ લીધોના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહભેર કામ હાથ ધર્યું. આ કેમ્પ બપોર ૩:૦૦ વાગ્યા સુધી ચાલ્યો ત્યારબાદ વિદ્યાર્થીઓ. NSS ને જિલ્લા પંચાયતના સભ્ય બાબજુભાઈ ના નેતૃત્વ હેઠળ વાંસદા નેશનલ પાર્ક ની મુલાકાત લેવામાં આવી. મુલાકાત લીધા બાદ કેમ્પમાં સ્થળે પોહચી ને વિદ્યાર્થીઓએ થોડા વિશ્રામ બાદ રાતના ભોજન ની તૈયારી કરી અને રાતનું ભોજન ગ્રહણ કર્યું. ત્યારબાદ પ્રોગ્રામ ઓફિસર અને વિદ્યાર્થિઓ વચ્ચે મીટિંગ યોજવામાં આવી જેમાં આવતીકાલે વિદ્યાર્થીઓને ભજવવાની ભૂમિકા વિશે જણાવવામાં આવ્યું, અહેવાલ લેખન અને વાંચન કરવામાં આવ્યું અને બધા છૂટા પડ્યા.















DAY-7 29/01/2023 V.S PATEL COLLEGE

કેમ્પના અંતિમ દિને વહેલી સવારે ઉઠી યોગા કરવામાં આવ્યા અને ત્યારબાદ વિદ્યાર્થીઓએ દ્વારા નાસ્તો તૈયાર કરી, નાસ્તો કરવામાં આવ્યો. નાસ્તો કર્યા બાદ વિદ્યાર્થીઓએ શાળાના કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધર્યો. અંતમાં કેમ્પની પૂર્ણાહુતિનો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં NSS પરિવાર, શાળા પરિવાર હાજર રહ્યા. NSS પ્રોગ્રામ ઓફિસર દ્વારા સંપૂર્ણ શાળા પરિવાર તથા સરપંચશ્રી, ગામજનોનો આભાર વ્યકત કર્યો. NSS ના વિદ્યાર્થીઓએ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવેલી પ્રવૃત્તિઓ તેમજ રમતો માટેના ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું. અંતમાં NSS ગીત અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.
















# ખાસ શિબિર

તારીખ ૩૦/૦૧/૨૦૨૩ ને સોમવારે ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલી નો એનએસએસ વાર્ષિક શિબિર તેન ગામ સ્થિત સુરુચી શૈક્ષણિક વસાહત ખાતે યોજવામાં આવ્યો હતો તેના ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે બુહારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય અને યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બર ડો. જયંતીભાઈ ચૌધરી હાજર રહી વિદ્યાર્થીઓને એન એસ એસ કેમ્પ વિશેની સમજૂતી આપી હતી. તદ ઉપરાંત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ બારડોલી ના ઇન્ચાર્જ આચાર્ય ડો. વિક્રમભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. બારડોલી સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવિનભાઈ નાયક સાહેબે વાર્ષિક શિબિર માં પ્રસંગિક ઉદબોદન અને શિબિર વિશેની માહિતી આપી હતી. સુરુચી શૈક્ષણિક વસાહત ના સંચાલક શ્રીમતી રમાબેને વિદ્યાર્થીઓને કેમ્પસમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.


















ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ બારડોલીના એન એન એસ વાર્ષિક શિબિરમાં આજ રોજ સવારના સત્રમાં શ્રમ કાર્ય કરવામાં આવ્યું અને બપોરના સત્રમાં ખેતીમાં વપરાતા સાધનનો વિશેની ટ્રેનિંગ સુરુચિ શૈક્ષણિક વસાહત દ્વારા આપવામાં આવી હતી.











# ખાસ શિબિર

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના એન એસ એસ વાર્ષિક શિબિરના આજના દિવસે શ્રમ કાર્ય, ઝાડના થડને ચુનો અને ઘેરું કરવામાં આવ્યો, સોલર કુકરમાં રસોઇ બનાવી, બાયોગેસ પ્લાન્ટની સમજૂતિ આપી, ગૌ મૂત્ર અર્કની બનાવટ, અળસિયા ખાતરની બનાવટ, સજીવ ખેતીની સમજૂતિ, સ્લમ એરિયા માં સાક્ષરતા અભિયાન કાર્ય કરવામાં આવ્યું.















# ખાસ શિબિર

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના એન એન એસ વાર્ષિક શિબિરના આજના દિવસએ પ્રથમ સત્રમાં શ્રમ કાર્ય માં સુરુચી શૈક્ષણિક વસાહત ના આબા તથા ચીકૂ વાડી માં ભીસાફ સફાઈ અને રંગરોગાન નું કામ કરવામાં આવ્યું હતું.દ્વિતીય સત્રમાં સોલર કુકૂરનું પ્રેક્ટિલ રાખવામાં આવ્યું હતું. જેમાં શિબિરના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની રસોઇ બનાવવામાં આવી હતી.


















ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના એન એન એસ વાર્ષિક શિબિરના આજના અંતિમ દિવસએ સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાપન કાર્યક્રમાં મુખ્ય અતિથિ તરીકે પી. આર. બી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બારડોલી ઇન્ચાર્જ આચાર્ય ડો. વિક્રમભાઈ ચૌધરી હાજર રહી વિદ્યાર્થીઓને આશીર્વચન આપિયા હતા. સુરુચી શૈક્ષણિક વસાહતના સંચાલક રમા મેડમ સમાપન કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને કેમ્પમાં વિદ્યાર્થીઓએ કરેલા કામો અંગે ખુશી વ્યક્ત કરી હતી. ધી પાટીદાર જીન સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવિનભાઈ નાયક સાહેબે વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓમાં કરેલી કામગીરી બદલ ઇનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.















તા.૩૧-૦૧-૨૦૨૩ ના રોજ સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવાના NSS વિભાગ દ્વારા ગલકુંડ મુકામે સાત દિવસીય ખાસ શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેની થીમ “સેવા, G૨૦, પંચપ્રકલ્પ, રોડ સેફ્ટી અને જનજાગૃતિ શિબિર” છે. પ્રસ્તુત પ્રોગ્રામ તા.૩૦-૦૧-૨૦૨૩ થી તા.૦૫-૦૨-૨૦૨૩ સુધી ગલકુંડ ગામમાં જ શિબિરાર્થીઓ દ્વારા નિવાસ કરી વિવિધ પ્રકારની જનજાગૃતીની પ્રવૃત્તીઓ કરવામાં આવે છે. NSS ખાસ શિબિરનો મુખ્ય હેતુ હોય છે, સમાજમાં સ્વચ્છતા, શ્રમ, સામાજિક સેવાકાર્ય, પર્યાવરણ જાળવણી, પાણીનો સંચય અને સંરક્ષણ કરવું, અંધશ્રદ્ધાનું નિવારણ કરવું, વ્યસન મુકિત અંગે શેરી નાટકો ભજવી વ્યસન મુકિત માટે સંદેશો પહોંચાડવો, મતદાન અંગે જનજાગૃતિ લાવવી, સમાજના ઉત્થાન માટે લોકોને પ્રોત્સાહિત કરવા, અકસ્માતમાં મૃત્યું પામતા લોકોને રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવી, દેશના વિકાસ માટે લોકોને જાગૃત કરવા વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમાજને સંદેશો આપવો અને સમાજના ઉત્કર્ષ માટે પ્રયત્નો કરવાના હોય છે.

પ્રથમ દિવસે ૧૦૦ જેટલા શિબિરાર્થીઓ સદર કોલેજમાંથી શિબિરનું સ્થળ ગલકુંડ ગામે સંપૂર્ણ તૈયારી સાથે આવ્યા હતા. ત્યારબાદ રહેવા માટેની વ્યવસ્થા ગલકુંડ ગામના પ્રથમિક શાળાના આચાર્યશ્રી વિમલભાઈ એ.પટેલ દ્વારા શાળામાં સંપૂર્ણ સાથ સહકારથી કરી હતી. બીજા દિવસે તા.૩૧-૦૧-૨૦૨૩ ના રોજ સાત દિવસીય શિબિરનો ઉદઘાટન સમારંભ યોજવામાં આવ્યો, જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ડાંગ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ.વિપીન ગર્ગ  AS સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરાર્થીઓ તેમજ ગ્રામજનોને સામાજિક સેવાકાર્ય તેમજ પર્યાવરણ જાળવણી અને વ્યસન મુકિત અંગે પ્રોત્સાહિત કર્યા હતા. આ સાથે કોલેજના આચાર્યશ્રી દ્વારા પણ સાત દિવસીય શિબિર માટે સતત માર્ગદર્શન પુરુ પાડયું હતું અને ઉદઘાટન સમારોહમાં શિબિરાર્થીઓ તેમજ ગ્રામજનોને સામાજિક સેવા કાર્ય માટે ઉત્તેજનદાયક સંદેશો આપ્યો હતો. તેજ પ્રમાણે પ્રાથમિક શાળાના આચાર્યશ્રી દ્વારા પણ પ્રાસંગિક ઉદબોધન કરી પ્રેરણા પુરી પાડી હતી. આ સમારોહમાં જિલ્લા સદસ્યશ્રી શ્રીમતી મયનાબેન બાગુલ, ગામના સરપંચશ્રી યમુનાબેન આર.વાઘ તેમજ ગામના સામાજિક કાર્યકરો અને વડિલશ્રીઓ તથા કોલેજના અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા અને આ શિબિરને સફળ બનાવવા માટે સાથ સહકાર આપ્યો હતો, પ્રસ્તુત પ્રોગ્રામનું સમગ્ર સુચારું સંચાલન કોલેજના પ્રાધ્યાપક ડૉ.હરેશભાઈ વરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. આ રીતે NSS વિભાગની સાત દિવસીય શિબિરની સફળતા પૂર્વક શરૂઆત થઈ.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડે સાહેબના માર્ગદર્શન હેઠળ NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.વિનોદભાઈ ગવળી તેમજ ડૉ.જયેશભાઈ ગાવિત દ્વારા કરવામાં આવ્યું હતું.






# ખાસ શિબિર

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવાના NSS વિભાગ દ્વારા ગલકુંડ મુકામે સાત દિવસીય ખાસ શિબિર “સેવા, ૨૦, પંચપ્રકલ્પ, રોડ સેફ્ટી અને જનજાગૃતિ શિબિર”નું આયોજન થયેલ છે. જેમાં આજ રોજ તા.૦૨-૦૨-૨૦૨૩ ના દિને સવારે પ્રભાત ફેરી કાઢી હતી. સવારના શેસનમાં ખાપરી નદીના પટ્ટમાં વન ભોજનનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બપોરના ભોજન પછી પીપલપાડા નર્સરીની મુલાકાત લઈ છોડ ઉચ્છેર અને સેન્દ્રિય ખાતરની બનાવટ વિશેની સમજ મેળવી હતી. તે ઉપરાંત સ્વયંસેવકોએ શિક્ષણકાર્ય પણ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડે સાહેબના માર્ગદર્શન હેઠળ NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.વિનોદભાઈ ગવળી તેમજ ડૉ.જયેશભાઈ ગાવિત દ્વારા કરવામાં આવ્યું હતું.










શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ અંકલેશ્વરનો રાષ્ટ્રીય સિવાય યોજના એનએસએસ વિભાગ દ્વારા આયોજિત વાર્ષિક શિબિર ૨૦૧૨૨૩ રામકુંડ આશ્રમ તાલુકો અંકલેશ્વર જીલ્લો ભરૂચ ખાતે અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત શ્રી ગંગાદાસ બાપુના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. એ વાર્ષિક શિબિરનો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એનએસએસ વિભાગના કોર્ડીનેટર શ્રી પ્રકાશચંદ્રજની અધ્યક્ષતામાં આજે સમાપન સમારંભ થયો હતો.

















# અંકલેશ્વરની કોલેજના એનએસએસ કેમ્પનું સમાપન થયું



અંકલેશ્વર : ઠાકોરભાઈ પટેલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ અંકલેશ્વરનો રાષ્ટ્રીય સિવાય યોજના એન એસ એસ વિભાગ દ્વારા આયોજિત વાર્ષિક શિબિર રામકુંડ આશ્રમ ખાતે યોજવામાં આવી હતી. વાર્ષિક શિબિર નો દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન એસ એસ વિભાગના કોઓર્ડિનેટર પ્રકાશચંદ્ર ની અધ્યક્ષતામાં આજે સમાપન સમારંભ થયો હતો.

# ખાસ શિબિર

તા.૬-૨-૨૦૨૩
શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વરનો રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) વિભાગ દ્વારા આયોજિત "વાર્ષિક શિબિર-૨૦૨૨-૨૩"નું રામકુંડ આશ્રમ, મુ. બોરીદ્રા,તા.અંકલેશ્વર, જિ. ભરૂચ ખાતે અંકલેશ્વર હાંસોટના ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં મહામંડલેશ્વર ૧૦૦૮ મહંત શ્રી ગંગાદાસ બાપુના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શ્રી વમળનાથ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વર રાષ્ટ્રીય સેવા યોજના (NSS) દ્વારા રામકુંડ આશ્રમ ખાતે આયોજિત ગૌ સેવા તથા પ્રાકૃતિક ખેતી શિક્ષણ આધારિત ત્રીજા દિવસનો ૨૦૨૨-૨૩નો શુભારંભ પ્રાર્થના અને NSS લક્ષ્યગીત "રાષ્ટ્ર કે લિયે ઉઠે કદમ.." દ્વારા થયો. ભારત માતાની જય જયકાર સાથે બધા સ્વયંસેવકોએ ગૌશાળાની મુલાકાત લીધી હતી અને કૌશલદાસજી મહારાજે ગૌશાળા ના ઇતિહાસ વિશે વાત કરી હતી. સ્વયંસેવકોએ પ્રાકૃતિક ખેતી વિશે સંશોધન કરીને પોસ્ટર બનાવ્યા હતા. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રો. રાજેશ પંડ્યા તથા ડૉ. જયશ્રી ચૌધરીએ સજીવ ખેતી સંદર્ભે પ્રશ્નોત્તરી કરી કરી હતી. ' એ વતન મેરે આબાદ રહે તું..' દેશભક્તિ ગીતની પ્રેક્ટિસ રાકેશ નાયક અને રાજ તિવારીના માર્ગદર્શનમાં કરી હતી. શિબિર નું કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ટીમ લીડર અવિનાશ ચૌધરી, વિશાલ પટેલ, આઝાદ વસાવા, અવિનાશ વસાવા, સાજન ગુજજરે કર્યું હતું. નિદર્શન પ્રોગ્રામ ઓફિસર પંડ્યા પ્રા.રાજેશ પંડ્યા અને ડૉ. જયશ્રી ચૌધરી, કેમ્પસ એમ્બેસેડર સેવક પઢિયાર, ગૃપ લીડર સોહેલ દિવાન અને સઈદ શાહે કર્યું હતું.















સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય ના રાષ્ટ્રીય સેવાયોજના (NSS) વિભાગ દ્વારા આયોજીત વાર્ષિક શીબિર
સ્વચ્છતા અભિયાન
પ્રાકૃતિક કૃષિ ખેતરની મુલાકાત
ઇસ્કોન ગૌશાળાની મુલાકાત















# ખાસ શિબિર

શ્રી જયદીપ મેમોરિયલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી હિન્દી મહાવિદ્યાલય ના રાષ્ટ્રીય સેવાયોજના (NSS) વિભાગ દ્વારા આયોજીત વાર્ષિક શીબિર ૨૦૨૨-૨૦૨૩ નું આયોજન પ્રાથમિક શાળા તુંડી -તાલુકા પલસાણા જિ. સુરત ખાતે કરવામાં આવ્યું.
ઉદઘાટન સમારોહ
૬/૨/૨૦૨૩



















શ્રી સરસ્વતી મહાવિદ્યાલય
રાષ્ટ્રિય સેવા યોજના
વાર્ષિક શિબિર ૨૦૨૨-૨૩
ગામ:ટુંડી તાલુકા : પલસાણા જિ. સુરત
DATE :૦૭-૦૨-૨૩






















**સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ કાછલ દ્વારા આયોજિત કાછલ કોલેજ ના NSS કેમ્પનો ઉદ્ઘાટન સમારોહ**












રાષ્ટ્રીય સેવા યોજના
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા
વાર્ષિક શિબિર












## રાષ્ટ્રીય સેવા યોજનાની ૩૦મી વાર્ષિક શિબિર યોજાઇ

સરકારી વિનયન અને વાણિજય કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાની ૩૦ મી વાર્ષિક શિબિર "પર્યાવરણ જનજાગૃતિ" થીમ પર વાંસદા તાલુકાના રાયબોર ગામની વાલ્મિકી આશ્રમશાળા યોજાઈ. ઉદઘાટન સમારોહના અધ્યક્ષ સ્થાને સરકારી બીએડ્ કોલેજના આચાર્યશ્રી ડૉ. દિલીપ ગામિત ના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો, કાર્યક્રમનાં મુખ્ય મહેમાનોમાં ગ્રામ સેવા મંડળના પ્રમુખ શ્રી રામાભાઇ પટેલ ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઇ ચૌધરી, સંવેદના ટ્રસ્ટ સીતાપુરના નિકુંજ ભાઇ દેસાઇ તથા ગામના સરપંચશ્રી, આશ્રમશાળાના આચાર્યશ્રી ભૂપેશભાઇ વહીયા અને તથા ગામના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા, સાત દિવસના શિબિરનો મુખ્ય ઉદ્દેશ, ગામમાં પર્યાવરણ જન જાગૃતિ, વ્યસન મુક્તિ, સ્વચ્છ ભારત અભિયાન, અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી ના પ્રચાર પ્રસાર નો રહેશે, સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ.વાય.જે.મિસ્ત્રી સાહેબના ના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ડૉ. અનિલ એસ.ચૌધરી, ડૉ.કલ્પનાબેન ડી.પટેલ તથા ડૉ.સુનિતાબેન ગામિત દ્વારા કરવામાં આવ્યું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જે.એમ.ભોયા દ્વારા કરવામાં આવ્યું,કાર્યક્રમમાં કોલેજ પરિવાર તથા સહયોગી આશ્રમશાળા નો સમગ્ર સ્ટાફ તથા શાળા ના બાળકો ઉપસ્થિત રહ્યા.
















# વાંસદાનાં રાયબોર ગામની વાલ્મીકી શાળામાં રાષ્ટ્રીય સેવા યોજનાની ત્રીસમી વાર્ષિક શિબિર યોજાઈ




નિલેશ સુરતી

ઝટપટ ન્યુઝ વઘઈ તા. ૯

વાંસદા તાલુકાનાં રાયબોર ગામે વાંસદા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનાં રાષ્ટ્રીય સેવા યોજનાની ત્રીસમી વાર્ષિક શિબિર પર્યાવરણ જનજાગૃતિ થીમ પર વાંસદા તાલુકાનાં રાયબોર ગામની વાલ્મિકી આશ્રમશાળામાં યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ઉદઘાટન સમારોહનાં અધ્યક્ષ સ્થાને સરકારી બીએડ્ કોલેજનાં આચાર્ય ડો.દિલીપ ગામિતનાં હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમનાં મુખ્ય મહેમાનોમાં ગ્રામ સેવા મંડળનાં પ્રમુખ રામાભાઈ પટેલ, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ચૌધરી, સંવેદનાં ટ્રસ્ટ સીતાપુરનાં નિકુંજભાઈ દેસાઈ તથા ગામનાં સરપંચ, આશ્રમ શાળાનાં આચાર્ય ભૂપેશભાઈ વહીયા તથા ગામનાં આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. સાત દિવસનાં શિબિરનો મુખ્ય ઉદ્દેશ, ગામમાં પર્યાવરણ જન જાગૃતિ, વ્યસન મુક્તિ, સ્વચ્છ ભારત અભિયાન અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીનાં પ્રચાર-પ્રસારનો રહેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.વાય.જે.મિસ્ત્રીનાં માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાનાં પ્રોગ્રામ ડો.અનિલ એસ.ચૌધરી, ડો.કલ્પનાબેન ડી.પટેલ તથા ડો.સુનિતાબેન ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.જે.એમ.ભોયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કોલેજ પરિવાર તથા સહયોગી આશ્રમશાળાનો સમગ્ર સ્ટાફ તથા શાળાનાં બાળકો ઉપસ્થિત રહયા હતા.

**સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા રાષ્ટ્રીય સેવા યોજનાના શિબિર પ્રવૃતિઓ**
















**વાર્ષિક શિબિર અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન**

સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા તથા શ્રી વાલ્મિકી આશ્રમશાળા રાયબોર સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સેવા યોજના વાર્ષિક શિબિર અંતર્ગત પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી, પરંપરાગત ડાંગી નૃત્ય, ઠાકરિયા નૃત્ય, નાટક, ડાન્સ, ગરબા તથા સમુહ નૃત્ય રજૂ કરાયા જેમાં આશ્રમશાળાના બાળકો અને કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો, દરેક કૃતિઓમાં સામાજિક જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો, કૃતિઓ મા વ્યસન મુક્તિ, પર્યાવરણ જનજાગૃતિ, અંધશ્રદ્ધા નિવારણ નો સંદેશ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ હતો, સમગ્ર કાર્યક્રમનું આયોજન સહયોગી આશ્રમશાળા રાયબોરના આચાર્યશ્રી ભૂપેશભાઈ વહીયા તથા સમગ્ર સ્ટાફ તથા રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ અનિલ એસ.ચૌધરી ડૉ.કલ્પનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ સુનિતા ગામિત દ્વારા કરવામાં આવ્યું.





શાહ એન એચ કોમર્સ કોલેજ વલસાડ નો વર્ષ : ૨૦૨૨ - ૨૩ નો એન એસ એસ નો વાર્ષિક શિબિર અંબા ભુરા હોલ, દેસાઈ ફળિયું, કોસંબા મુકામે યોજવામા આવ્યો છે. આજ રોજ ઉદઘાટન સમારંભ નૂતન કેળવણી મંડળનાં સેક્રેટરી શ્રી કિર્તીભાઇ દેસાઈ નાં વરદ્ હસ્તે રાખવામાં આવ્યો હતો આ સમારંભ માં કોલેજના આચાર્યશ્રી ડો. ગીરીશકુમાર રાણા સાહેબ તથા કોલેજ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં, ગામના સરપંચશ્રી ધર્મેશભાઈ તથા ગામના આગેવાનો પણ હાજર રહ્યા હતાં.















# ખાસ શિબિર

શાહ એન એચ કોમર્સ કોલેજ વલસાડનો દેસાઈ ફળિયા, કોસંબા ખાતે યોજાયેલ વાર્ષિક શિબિર નાં પાંચમા દિવસે એન એસ એસ નાં સ્વયંસેવકો દ્વારા દિવસ દરમિયાન જુદી જુદી પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.
ઓર્ગેનિક ખેતી વિશે શ્રી પ્રતીકભાઈ પટેલ અને ધિરેનભાઈ પટેલનું વ્યાખ્યાન.














# ખાસ શિબિર

આજરોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડાના આચાર્ય ડો. અનિલાબેન પટેલ ની અધ્યક્ષતામાં એન.એસ.એસ. વાર્ષિક શિબિર તારીખ ૦૭/૦૨/૨૦૨૩ એના રોજ એન.એસ.એસ. ના સ્વયંસેવકો કોલેજમાં એકત્રિત થઈ, ડેડીયાપાડા થી દેવમોગરા જવા રવાના થયા. જ્યાં પહોંચી, રહેવાની સુવિધા ની વ્યવસ્થા કરી, રહેઠાણની સાફ-સફાઈ કરી, ટીમની વહેંચણી કરી અને સાંજની ભોજન ની તૈયારી કરી, ભોજન કરીને રાત્રે મીટીંગ લઈ દિવસના સમાપન થયો.


























સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા તારીખ ૯/૨/ ૨૦૨૩ એન.એસ.એસ ના વાર્ષિક શિબિર ના ત્રીજા દિવસને સવારના પ્રભાતફેરી ફર્યા બાદ પ્રાર્થના થી શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ ટુકડી વર્ગ પ્રમાણેસાફ સફાઇ કરવામાં આવી હતી. દૈનિક ક્રિયા બાદ ચા નાસ્તા પછી દેવમોગરા ગામમાં સ્વચ્છતા,પર્યાવરણ જાગૃતિ, મતદાન જાગૃતિ, અંગે રેલી કાઢવામાં આવી હતી. ત્યારબાદ દેવમોગરા ના આરોગ્ય અધિકારી વાળંદ કિસ્મતભાઈ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સ્ટાફનર્સ વસાવા ઉર્વશીબેન, લેબ ટેકનિશિયન રાઠવા ઘનશ્યામભાઈ, એમપીએચડબલ્યુ પટેલ રાહુલભાઈ એમબીએચડબલ્યુ ગોહિલ જયસુખભાઈ વગેરે દ્વારા હેલ્થ વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યો હતો. જેમાં જીવન ની વિવિધ આરોગ્યની જાળવણી (સમસ્યાઓ)ને લગતી માહિતીગાર કરવામાં આવ્યા હતા. બાદમાં વિદ્યાર્થીઓની હેલ્થચેકપ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બપોરના ભોજન , આરામ બાદ દેવમોગરા મંદિરની આજુબાજુ સ્થળને સ્વચ્છ ભારત અંતર્ગત સાર્થક કરવા માટે એન.એસ.એસ ના સ્વયંસેવકો દ્વારા સાફ-સફાઈ કરવામાં આવી હતી. સાજના ભોજન બાદ વિવિધ કાર્યક્રમો ની પ્રેક્ટિસ કરી હતી. અંતે આખા દિવસ દરમિયાન પ્રવૃત્તિઓના, કાર્યક્રમ ને લઈ અહેવાલ વાંચન,મીટીંગ લઈ દિવસનો સમાપન કરવામાં આવ્યું હતું.

















સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા તારીખ ૧૦/૨/૨૦૨૩ ના રોજ એન.એસ.એસ વાર્ષિક શિબિરના ચોથા દિવસનો પ્રારંભ પ્રભાતફેરીથી કરવામાં આવી, અને પ્રાર્થના કરી નિયમિત પ્રવૃત્તિ (સાફ-સફાઈ) હાથ ધરવામાં આવી. દૈનિક ક્રિયા બાદ ચા નાસ્તા કર્યો. ભારત સરકારના "સ્વચ્છ ભારત" કાર્યક્રમને સાર્થક કરવા માટે એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા દેવમોગરા માતાજીના મંદિરના દક્ષિણ ભાગે પ્લાસ્ટિક ની થેલી, ગ્લાસ, બાજ વગેરે એકત્રિત કરી નાશ કર્યો હતો. બપોરના ભોજન બાદ વિરામ ત્યારબાદ સિકલ સેલ અવર્નેશ અંગે બૌદ્ધિક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. ડો. ડેક્ષટર પટેલ દ્વારા સિકલ સેલ રોગ વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. સ્વયંસેવકોને સિકલસેલ નો રિપોર્ટ ફરજિયાત કરવા અંગે હિમાયત કરી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ દેવમોગરા માતાજીના મંદિરના દર્શનાર્થે અને સાથે ઇતિહાસ અંગે જાણકારી મેળવવા માટે ગયા હતા. જ્યાં મંદિરના મેનેજર શ્રી રઘુભાઈ વસાવા દ્વારા મંદિરના ઇતિહાસ અંગે જાણકારી આપવામાં આવી હતી. ત્યાર બાદ સાંજના ભોજન બાદ વિવિધ પ્રવૃત્તિઓ અંગે ની ચર્ચા કરી હતી. સાંજની મિટિંગમાં સ્વયંસેવકો દ્વારા પોતાના સ્વ અનુભવ રજુઆત કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આજનો અહેવાલનું વાંચન કરી દિવસની પૂર્ણ હોતી કરી હતી.














સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા તારીખ ૧૧/૦૨/૨૦૨૩ ના રોજ એન. એસ. એસ. વાર્ષિક શિબિરના પાંચમા દિવસનો પ્રારંભ પ્રભાતફેરી અને પ્રાર્થનાથી કરવામાં આવી, અને બાદ ચા-નાસ્તો કરી નિયમિત પ્રવૃતિ (સાફ-સફાઇ) હાથ ધરવામાં આવી. ભારત સરકાર ના "સ્વચ્છ ભારત " કાર્યક્રમને સાર્થક કરવા માટે એન. એસ. એસ. ના સ્વયંસેવકો દ્વારા દેવમોગરા ગામમાં જઈને પ્લાસ્ટીક ની થેલીઓ, બાજ-પડીયા વગેરે એકત્રિત કરી નાશ કર્યો હતો. બપોરના ભોજન બાદ શ્રી મોગરામાઇ સાર્વજનિક મંદિર ટ્રસ્ટ ના ઉપપ્રમુખ શ્રી નાનજીભાઇ દ્વારા એન. એસ. એસ. ના સ્વયં◌સેવકોને વ્યકિતવ વિકાસ, જીવનમાં પુસ્તકનું મહત્વ, સારુ અને સફળ જીવન અંગે માર્ગદર્શન આપ્યું હતું.તેમજ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા ના ડૉ. ધર્મેશભાઈ વણકર સ્વયંસેવકો મા ૨૧મી સદી માટે ઉપયોગી સોફ્ટસ્કીલ પર બૌદ્ધિક વ્યાખ્યાન બાદ આરામ કરી લોકસંપર્ક કર્યો હતો. જેનો સ્વયં◌સેવકોને સારો પ્રતિસાદ સાપડ્યો હતો. રાત્રે ભોજન બાદ મિટીંગ કરી દિવસ પુર્ણ કર્યો હતો.














સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા તારીખ ૧૨/૦૨/૨૦૨૩ ના રોજ એન. એસ. એસ શિબિર ના છઠ્ઠા દિવસની શરૂઆત પ્રભાતફેરથી શરૂ કરી પ્રાર્થના પછી દૈનિક ક્રિયા પુર્ણ કરી ત્યારબાદ ચા-નાસ્તા બાદ માતાજીના સ્નાન ક્રિયા માટે પ્રસિદ્ધ ગણાતો સ્થળ ગઢની સાફ-સફાઈ કરવામાં આવી હતી. બપોરના ભોજન, આરામ બાદ બૌદ્ધિક વ્યાખ્યાન રાખવામાં આવ્યું જેમાં મુખ્ય વકતા ટ્રસ્ટી અને ઇજીનેર દુષ્યંતભાઇ વસાવા એ " વ્યકિતત્વના ઘડતર " વકતવ્ય આપ્યુ હતું. સ્વયંસેવકો દ્વારા લોકજાગૃતિ લાવવા માટે શેરી નાટક નું આયોજન કરવામાં આવેલું હતું. જેનું શિર્ષક " આદિવાસીઓમાં પ્રવર્તમાન અંધશ્રધ્ધાઓ વિષય પર આધારિત હતું. આ નાટકને જોવા માંટે રવિવારે દર્શનાર્થીઓ વધુ હોય એ નાટક નિહાળી એક સંદેશ સાથે છુટા પડયા હતા. આ નાટક ને નિહાળી શ્રી મોગરાનાં સાર્વજનિક મંદિર ટ્રસ્ટ ના ટ્રસ્ટી ઓ તથા બોડદા ગૃપ ગ્રામ પંચાયત ના સરપંચ રીનાબેન વસાવા બહાદુરભાઈ વસાવા એ એન. એસ. એસની કામગીરી ને બિરદાવી હતી. ત્યારે બાદ સ્વચ્છતા, ગંદકી અને અન્નના બગાડ ને લય સંદેશ આપતા પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. સાથે લોકસંપર્ક કરવામાં આવ્યો હતો.












સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા તારીખ ૧૩,૦૨,૨૦૨૩ ના રોજ એન.એસ.એસ વાર્ષિક શિબિરના સાતમા અને સમાપન દિવસ ના રોજ સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજના એન.એસ.એસના સ્વયંસેવકો સવારનો
પ્રારંભ પ્રભાત ફેરી, અને પ્રાર્થના કર્યા બાદ મોગરામાઇ આશ્રમશાળા ના વિદ્યાર્થીઓ સાથે રમતગમતનું આયોજન કર્યું હતું. તેમને લીબુ ચમચી, કોથળાદોડ, સંગીત ખુરશી આશ્રમશાળા ના બાળકો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.બાદમાં વાર્ષિક શિબિર નો સમાપન સમારોહ યોજાયો હતો.આ કાર્યક્રમ બોડદા ગૃપ ગ્રામ પંચાયત ના સરપંચના અધ્યક્ષ પણ હેઠળ યોજાયો હતો. અતિથિ વિશેષ મોગરામાઇ આશ્રમશાળાના પ્રિન્સિપાલ વસાવા રણજીતભાઈ, દેવમોગરા ટ્રસ્ટના ઉપપ્રમુખ નાનજીભાઈ વસાવા હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત દિપ પ્રાગટ્ય કરી એન.એસ.એસનો સોગથી શરુ કર્યું હતું.ત્યાર બાદ સ્વયંસેવક દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત ગીત, અને અંધશ્રદ્ધા પર નાટકની રજુઆત કરી હતી. આશ્રમશાળા ની બાળાઓ એ પણ સ્વાગત ગીત, પ્રાર્થના ગીત, અને દેશ રંગીલા ગીત પર ડાન્સ કર્યો હતો. મંદિરના ઉપપ્રમુખશ્રી નાનસીગભાઇ વસાવા એ અને પ્રોગ્રામ ઓફિસર રમેશભાઈ વસાવા, ડૉ. વખતસિહ ગોહિલ, ગૌરવભાઈ એ પ્રેરિત ઉદબોધન કર્યો હતો. અને સરપંચ દ્વારા એન.એસ.એસ ના પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને એમના દ્વારા પ્રમાણપત્ર અને બંધ કવરમાં ૫૦૦૦ રાશિ ઇનામ સ્વરૂપે ભેટ આપી હતી. આભાર વિધિ અંગ્રેજી ના અધ્યાપક મહેશભાઈ વસાવા એ કરી હતી. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન એન. એસ. એસ. ના સ્વયંસેવક જીજ્ઞેશભાઈ વસાવા એ કર્યુ હતું ત્યારબાદ રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ ની પુર્ણાહુતી કરી હતી. પછી દેવમોગરા થી સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ દેડિયાપાડા રવાના થયા હતા.











સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ સોનગઢ nss કેમ્પ નો પ્રથમ દિવસ. બધી ગોઠવણ કરી. આવતી કાલે ઉદ્ઘાટન છે જેમાં જાહેર આમંત્રણ છે.
Parchuli
ta Uchchhal





**સોનગઢ કોલેજનો એન.એસ.એસ કેમ્પ યોજાયો**

સરકારી વિનયન અને વાણિજય કોલેજ ફોર્ટ સોનગઢ એન.એસ.એસનો વાર્ષિક કેમ્પનું ઉદ્ઘાટન આજરોજ આદર્શ પ્રાથમિક શાળા, પરચુલી તા. ઉચ્છલ જિ. તાપી ખાતે યોજાયુ. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. જયરામભાઇ ગામીત (માનનીય ધારાસભ્યશ્રી ૧૭૨- નિઝર), ડૉ.દિલીપભાઈ ગામીત આચાર્યશ્રી( બી.એડ કોલેજ વાંસદા), ડૉ.આર.એ.પટેલ આચાર્યશ્રી( સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢ),રમેશભાઈ વસાવા (ટી.પી.ઓશ્રી), યોહાનભાઈ ગામીત (ટી.પી.ઓશ્રી), શ્રી પ્રફુલ્લ ચૌધરી( બી.આર.સી) તથા ગામના સરપંચ બાલુભાઈ ગામીત અને શાળાના આચાર્યશ્રી બંસીભાઈ ગામીત સાહેબ ઉપસ્થિત રહ્યા. જેમાં કોલેજના આચાર્ય ડૉ.આર.એ પટેલ સાહેબે સ્વાગત પ્રવચન આપ્યું હતું, વાંસદા બી.એડ કોલેજના આચાર્ય સાહેબશ્રી દિલીપભાઈ ગામીતે કેરિયર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને જયરામભાઇ ગામીત (માનનીય ધારાસભ્યશ્રી ૧૭૨- નિઝર)એ એન.એસ.એસ ના વિદ્યાર્થીઓએ સહ અભ્યાસિક પ્રવૃતિઓ વિશે માહિતી આપી આવી પ્રવૃત્તિઓમાં જોડાવાની અપીલ કરી હતી. વધુમાં આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા.રાકેશભાઈ ગામીત તથા આભારવિધિ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા.મનેશભાઈ બારેએ કર્યું. આ પ્રોગ્રામમાં પ્રા.અંજનાબેન ગામીત, પ્રા.રીનલબેન વસાવા તથા અન્ય સ્ટાફગણ અને મોટી સંખ્યામાં એન.એસ.એસ સ્વયં સેવક/ સેવિકાઓ જોડાયા હતા.







**સોનગઢ કોલેજના એન.એસ.એસ ખાસ વાર્ષિક કેમ્પ ના તૃતીય દિવસની કેટલીક ઝલક....**















સોનગઢ કોલેજના એન.એસ.એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક કેમ્પમાં આજના પાંચમા દિવસે અત્રેની શાળામાં સ્વયં સેવકો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું તથા બપોર પછીના સત્રમાં " સિકલસેલ" જાગૃતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો.









# ખાસ શિબિર

સરકારી વિનયન કોલેજ, કપરાડા તાલુકા કપરાડા જી વલસાડ ના વાર્ષિક ખાસ શિબિર તારીખ ૧૩/૦૨/૨૦૨૩ થી /૧૯/૦૨/૨૦૨૩ સુધી કપરાડા તાલુકાના દહીં ખેડ ગામ ખાતે રાખવા મા આવેલ છે જેમાં પ્રથમ દિવસે NSS ના તમામ સ્વયં સેવકો (૭૫) કોલેજ પર સવારે ૧૧ કલાકે હાજર થઈ ગયા બાદ ૧૧:૩૦ કલાકે કોલેજ પરથી ટેમ્પો મા બેસી શિબિર ના સ્થળે પ્રસ્થાન કર્યું હતું . દહીં ખેડ પ્રાથમિક શાળા ખાતે ૨:૩૦ કલાકે પહોંચી ને આયોજન પ્રમાણે સ્થળ ની સાફ સફાઈ કરી હતી અને સાધન સામગ્રી મૂકી હતી.














સરકારી વિનયન કોલેજ ના વાર્ષિક ખાસ શિબિર તારીખ ૧૬/૦૨/૨૦૨૩ ના ચોથા દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ હળવી પ્રાર્થના, હળવી કસરત અને યોગા, કરવા મા આવ્યા હતા. ત્યારબાદ ગામ માં સફાઈ પ્લાસ્ટિક કચરા નો નિકાલ અને વૃક્ષો ને ફરતે ગોડવાનું કામ કરી પથ્થર મૂક્યા હતા. બપોર ના ભોજન બાદ બોધિક વ્યાખ્યાન યોજાયું હતું જેમા. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ભિલાડ નાં પ્રોગ્રામ ઓફિસર શ્રી ધર્મેશ ભાઇ દ્વારા NSS CAMP નું મહત્વ, સેવા, ઉપયોગિતા અને સમાજ જીવન માં વૈવિધ્ય સભર પ્રવૃતિઓ થકી દેશ, સમાજ માટે કંઈક કરવા ની ભાવના જાગૃત થાય અને સમાજ બદલાઈ એ માટે ની પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડયું હતું. સાંજ ના સમયે વિદ્યાર્થીઓ દ્વારા ગામ માં મુલાકાત લઈ સામાજિક અને આર્થિક સર્વે કર્યો હતો અને પરિસ્થિતિ ની જાણકારી મેળવી હતી



















# ખાસ શિબિર

સરકારી વિનયન કોલેજ કપરાડા ના વાર્ષિક ખાસ શિબિર ના ૫મો દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના યોગા કસરત અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત પંચાયત ભવન ની સફાઇ કરી ત્યાબાદ ..PHC દહીં ખેડ દ્વારા મેડિકલ ચેક અપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું ૭૫ જેટલા સ્વયં સેવકો ને વજન, સુગર, બીપી,SP,PULSE, BLOOD વગેરે ટેસ્ટ કર્યો હતો, બપોર પછી રમત ગમત સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું જેમાં પ્રાથમિક શાળા દહીં ખેડ ના બાળકો અને સ્વયં સેવકો દ્વારા ભેગા મળી કેરમ, ચેસ, સંગીત ખુરશી, ખો ખો અને ક્રિકેટ, લીંબુ ચમચી જેવી રમતો રમી હતી.



















# ખાસ શિબિર

સરકારી વિનયન કોલેજ કપરાડા ના એન એસ એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક શિબિર ના છઠા દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા નાસ્તો કરી નિયમિત પ્રવૃત્તિ અર્થ ગામ મા સફાઈ, શોચ ખોડો કરવો, છોડ ને પાણી આપવાનું કામ, વૃક્ષો ને બચાવવા કાંટા ની વાડ કરવી, પ્લાસ્ટિક કચરા નો નિકાલ કરવામાં આવ્યો.. સાંજે સાંસ્કૃતિ કાર્યક્રમ નું આયોજન કરી ગ્રામ જનો મા જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રકારની કૃતિઓની તૈયારી કરવા આવી .























Vapi Page - 2

Wednesday 22, February 2023

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# કપરાડા આર્ટસ કોલેજનો વાર્ષિક એન.એસ.એસ. શિબિર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા. ૨૧ :** સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન .એસ .એસ. વિભાગ દ્વારા કપરાડા તાલુકાના દહીંખેડ ગામ ખાતે સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિરનું આયોજન તા ૧૩/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩ સુધી કરવામાં આવ્યું હતું .રાત્રિ રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા દહીંખેડ મુકામે કરવામા આવ્યું હતું.જેમાં કોલેજના સ્વયં સેવકો દ્વારા શ્રમ કાર્ય,સ્વચ્છતાના કામો, બૌધિક વ્યાખ્યાન, મેડિકલ ચેક અપ કાર્યક્રમ, ગામ નો સર્વે, પ્રભાત ફેરી, યોગા, કસરત, સમુહ જીવન, રમત ગમતની જેવી પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી.




વિધ્યાર્થીઓમા લીડરશિપના ગુણો, સમાજ સેવાની ભાવના, લોકસંપર્ક દ્વારા સમાજજીવનની સમજૂતી કેળવાય. સુષુપ્ત શક્તિ બહાર લાવવી અને સમાજમાં એક ઉત્કૃષ્ટ નાગરિક બની પોતાના સમાજ અને રાષ્ટ્રને ઉન્નતિના પથ પર આગળ ધપાવે એવા જાગૃત નાગરિક બને એ એન.એસ .એસ.(શિબિર) પ્રવૃતિનો મુખ્ય હેતુ છે.

આ સંપૂર્ણ કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડૉ ડી.એન .દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અનિષભાઈ સી ગામીત સાહેબની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો.

# કપરાડા, સરકારી વિનયન કોલેજની એન.એસ.એસ.ની વાર્ષિક ખાસ શિબિર દહીંખેડ ગામે સંપન્ન




**(સત્ય ડે) વલસાડ :** કપરાડની સરકારી વિનયન કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કપરાડા તાલુકાના દહીંખેડ ગામ ખાતે સાત દિવસીય એન.એસ.એસ.વાર્ષિક ખાસ શિબિરનું આયોજન તા.૧૩/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩ સુધી કરવામાં આવ્યું હતું. રાત્રિ રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા દહીંખેડ મુકામે કરવામાં આવી હતી. જેમાં કોલેજના સ્વયં સેવકો દ્વારા શ્રમ કાર્ય, સ્વચ્છતાના કામો, બૌધિક વ્યાખ્યાન, મેડિકલ ચેક અપ કાર્યક્રમ, ગામનો સર્વે, પ્રભાત ફેરી, યોગા, કસરત, સમુહ જીવન, રમત ગમત જેવી પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં લીડરશિપના ગુણો, સમાજ સેવાની ભાવના, લોકસંપર્ક દ્વારા સમાજ જીવનની સમજૂતી કેળવાય અને સુષુપ્ત શક્તિ બહાર લાવી સમાજમાં એક ઉત્કૃષ્ટ નાગરિક બની પોતાના સમાજ અને રાષ્ટ્રને ઉન્નતિના પથ પર આગળ ધપાવે એવા જાગૃત નાગરિક બને એ એન.એસ .એસ.(શિબિર)પ્રવૃતિનો મુખ્ય હેતુ છે. આ સંપૂર્ણ કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડો ડી.એન.દેવરીના માર્ગદર્શન હેઠળ કોલેજના એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર અનિષભાઈ સી ગામીતની આગેવાનીમાં યોજવામાં આવ્યો હતો.

## ખાસ શિબિર

બુહારી કોલેજ ની ખાસ શિબિર નું ઉદઘાટન મા બુહારી કોલેજ ના ઉપપ્રમુખ કર્ણ ભાઈ દેસાઈ , શ્રી ઉદયભાઈ દેસાઈ, સુરજ ભાઈ દેસાઈ, વાંસદા કોલેજ ના પ્રિન્સીપાલ શ્રી યોગેશ ભાઈ મિસ્ત્રી તથા આદિવાસી વિકાસ તાલીમ કેન્દ્ર ના મેનેજર શ્રી કમલભાઈ ચૌધરી હાજર રહી સ્વયંસેવકો ને માર્ગદર્શન પુરુ પાડ્યુ... જય હિન્દ











બુહારી કોલેજ N.S.S વાર્ષિક શિબિર ના તૃતીય દિવસ ની પ્રવૃતિ ની ઝલક













N.S.S બુહારી કોલેજ વાર્ષિક શિબિર ની વિવિધ પ્રવૃતિઓ દિવસ પાચમો



















શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ધરમપુર માં એન. એસ. એસ. વિભાગ દ્વારા ૭ દિવસીય ખાસ શિબિર નું આયોજન તા. ૧૩/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩ સુધી પ્રાથમિક શાળા ભેસદરા ગામ મુકામે યોજવામાં આવ્યું. જેમાં આજે દિવસે ઉદઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદઘાટકશ્રીના રૂપે મોટાપોંઢા કોલેજ, ભૂતપૂર્વ NSS PO શ્રી ડો. આશા ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા તથા તેમણે એન.એસ.એસ. નાં સ્વયમ્ સેવકો ને પ્રોત્સાહિત કર્યા તથા શિબિર સફળતા પૂર્વક પૂર્ણ થાય તેવી શુભકામનાઓ આપી. મુખ્ય અતિથિનાં રૂપે ગામના સરપંચ સ્કૂલ ના આચાર્ય , શ્રીમદ્ રાજચંદ્ર ગુરૂકુળ ના પૂર્વ આચાર્ય મગન સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ શિબિર માટે શુભ કામનાઓ આપી.NSS PO વિપુલ ખલાસી સાહેબ એ અઠવાડિયા આવેલા મહેમાનો ની આભાર વિધિ કરી
બપોર ના સત્ર માં NSS ના સ્વયંસેવકો એ ગામના તમામ ઘરે સર્વે ની કામગીરી હાથ ધરી ૧૦૫ ઘર નું સર્વે NSS ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું ત્યારબાદ ધરમપુર તાલુકા ના DEVLOPMENT OFFICER ની હાજરી માં રાત્રે ગામ રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગામજનો ને લાગતા પ્રશ્નો અને સરકારી યોજાઓનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું જેમાં ગામજનો અને સ્વયંસેવકો હાજર રહ્યા હતા .

આ આખા કાર્યક્રમનું સંચાલન NSS PO વિપુલ ખલાસી અને અક્ષય ડોડીયા દ્વારા કરવામાં આવી રહ્યું છે.
















શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ કોલેજના એન.એસ.એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક કેમ્પમાં આજના પાંચમા દિવસે અત્રેની શાળામાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા નિશુલ્ક સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ નું આયોજન ગ્રામજનો માટે કરવામાં આવ્યું જેમાં ભેશદરા ગામના ૬૨ જેટલા ગામજનોએ લાભલીધો.
















# ખાસ શિબિર

મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલ જી. તાપી એન.એસ.એસ વિભાગ દ્વારા ૭ દિવસીય ખાસ શિબિરનું આયોજન તારીખ:૨૭/૦૨/૨૦૨૩ થી ૦૫/૦૩/૨૦૨૩ સુધી કૂલવાડી ગામે યોજવામાં આવ્યું. જેમાં આજે પ્રથમ દિવસે ઉદઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના સરપંચ શ્રી રીટાબેન ધોડિયા ઉચ્છલ તાલુકાના ઉપપ્રમુખશ્રી અર્ચનાબેન વસાવા અને તાલુકા વિકાસ અધિકારી ધ્રુવ પટેલ સાહેબ હાજર રહ્યા હતા. એન.એસ.એસ ના સ્વયંસેવકો ને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા અને શિબિર સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભકામનાઓ આપવામાં આવી હતી.











# ખાસ શિબિર

મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલના એન એસ એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક શિબિર ના બીજા દિવસે સવારે પ્રભાતફેરી અને નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા નાસ્તો કરી નિયમિત પ્રવૃત્તિ અર્થે ગામમા સફાઈ, , છોડને પાણી આપવાનું કામ, પ્લાસ્ટિક કચરા નો નિકાલ કરવામાં આવ્યો.. બપોરે બોદ્ધિક વ્યાખ્યાન મા " ની પ્રવૃત્તિ કંઈ રીતે વિદ્યાર્થીઓ ના જીવન ઘડતરમા મહત્વનું છે તે વિશે જાણકારી આપવામાં આવી.







# ખાસ શિબિર

મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલના એન એસ એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક શિબિર ના ત્રીજા દિવસે સવારે પ્રભાતફેરી અને નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા નાસ્તો કરી નિયમિત પ્રવૃત્તિ અર્થે ગામમા વ્યસન મુક્તિ, પર્યાવરણ જાગૃતિ રેલી કરવામાં આવી .. બપોરે બોદ્ધિક વ્યાખ્યાનમા "નારી અદાલત"માંથી ચૌધરી જ્યોતિ બેન દ્વારા, છૂટાછેડા,ઘરેલુ હિંસા, જાતીય સતામણીવગેરે મહિલાના રક્ષણાત્મક કાયદાઓ અને કલ્યાણલક્ષી કાયદઓ વિશે જાણકારી આપવામાં આવી













# ખાસ શિબિર

મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલના એન એસ એસ વિભાગ દ્વારા ખાસ વાર્ષિક શિબિર ના ચૌથા દિવસે સવારે પ્રભાતફેરી અને નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામા આવી હતી. ત્યારબાદ ચા નાસ્તો કરી નિયમિત પ્રવૃત્તિ અર્થે ગામનો સાફસફાઈ અને શેરી નાટક "Mobile addiction " વિષય પર ભજવવામાં આવ્યું. દ. ગુજરાત ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન કેન્દ્ર તાપી/સુરત જિલ્લા દ્વારા માન્ય સંસ્થા દ્વારા સંચાલિત ગ્રાહક સુરક્ષા વિષય પર વકતાશ્રી પ્રતાપ વી. છાપીઆ અને સુ. શ્રી ભાર્ગવી દવે મેડમ ( કલેક્ટર )દ્વારા જાણકારી આપવામાં આવી.










# ખાસ શિબિર

નવયુગ સાયન્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૦૩-૦૩-૨૦૨૩ થી તા.૦૯-૦૩-૨૦૨૩ એમ સાત દિવસના ખાસ વાર્ષિક શિબિરનું આયોજન ઓલપાડ તાલુકાનાં માસમાં ગામે કરવામાં આવ્યું.
શિબિરના ઉદ્ઘાટન સમારોહ માં માસમાં ગામના સરપંચશ્રી યોગેશભાઈ પટેલ, નાયુગ કોલેજના પ્રિ. ડૉ. અશ્વિનભાઈ પટેલ, માસમાં પ્રાથમિક શાળાના આચાર્યશ્રી શશીભાઇ પટેલ, નવયુગ સાયન્સ કોલેજના પ્રોફેસર મિત્રો તેમજ માસમાં પ્રાથમિક શાળાના સ્ટાફ મિત્રોએ હાજર રહી એન.એસ.એસ.નાં સ્વયંસેવકોને ઉત્સાહિત કર્યા.
પ્રિ. સો. અશ્વિનભાઈ પટેલ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ જ ખંત અને નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા પ્રેરિત કરવામાં આવ્યા.
ઉદ્ઘાટન સમારોહ બાદ શિબિરના પ્રથમ દિવસે સ્વયંસેવકો દ્વારા માસમાં પ્રાથમિક શાળાના પટાંગણની , ગામના રસ્તાઓ, નીલકંઠ મહાદેવ મંદિર તેમજ અન્ય સ્થળોએ ખુબ જ સારી રીતે સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું.
આ રીતે રાષ્ટ્રીય સેવા યોજનાની ખાસ વાર્ષિક શિબિરમાં સ્વયંસેવકો દ્વારા પ્રથમ દિવસે ખુબ જ ઉત્સાહ અને જોશભેર કાર્ય કરવામાં આવ્યું.















નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજિત ખાસ વાર્ષિક શિબિરના
બીજા દિવસ તારીખ ૪/૩/૨૦૨૩ ના દિવસે રાષ્ટ્રીય સેવા યોજનાના નવયુગ સાયન્સ કોલેજના સ્વયંસેવકો દ્વારા સવારની દિનચર્યા કર્યા બાદ માસમા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણતરની સાથે ગણતર ના પાઠ ભણાવ્યા.
ત્યારબાદ મેલડી માતાજીના મંદિરના પરિસરમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યો.
બપોર બાદ નીલકંઠ મહાદેવ મંદિર ની આસપાસ ના વિસ્તાર ની સાફ સફાઈ કરવામાં આવી ત્યારબાદ સાંજના સમયે સ્વયંસેવકોને રમતગમત પ્રવૃત્તિ કરાવી દિવસના કામ ની પુર્ણાહુટી કરી.











નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજિત ખાસ વાર્ષિક શિબિરના
ત્રીજા દિવસ તારીખ ૫/૩/૨૦૨૩ ના દિવસે રાષ્ટ્રીય સેવા યોજનાના નવયુગ સાયન્સ કોલેજના સ્વયંસેવકો દ્વારા સવારના નિત્યક્રમ બાદ માસમા પ્રાથમિક શાળાના પટાંગણમાં સફાઈ અભિયાન ચલાવ્યું.
ત્યારબાદ માસમા ગામ ના અલગ અલગ મહોલ્લામાં રહેતા ગામજનો ની આર્થિક, સામાજિક, શૈક્ષણિક તથા તબીબી પરિસ્થિતિ અંગે નો સર્વે કરવામાં આવ્યો. ત્યારબાદ માસમાં ગામના રસ્તાઓ અને રસ્તાની આસપાસ ના વિસ્તારની સાફ-સફાઈ કરવામાં આવી સાંજના સમયે વિધાર્થીઓને રમત રમાડી દિવસ ના કામકાજ ની પુર્ણાહુટી કરવામાં આવી.















નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજિત ખાસ વાર્ષિક શિબિરના ૪TH દિવસે તારીખ ૬/૩/૨૦૨૩ ના દિવસે રાષ્ટ્રીય સેવા યોજનાના નવયુગ સાયન્સ કોલેજના સ્વયંસેવકો દ્વારા સવારના નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ માસમા ગામમાં એક નવી સડક બનેલ છે તેના પર નાની કપચી હોવાથી ઘણા બાઇક સવારો તેના પરથી સ્લીપ થઈ અકસ્માતનો ભોગ બનતા હતા. સૌપ્રથમ આ સડકની સાફ-સફાઈની કામગીરી કરવામાં આવી કે જેથી હવે પછી લોકો અકસ્માતનો ભોગ ન બને. બપોર સુધી આ કામગીરી ચાલી.

બપોરના સમયે ખેતરમાં કામ કરતા મજૂરોના નિવાસ સ્થાને જઈ તેમને ભોજન માટે આમંત્રિત કરી તમામ સ્વયંસેવકોની સાથે બપોરનું ભોજન કરવામાં આવ્યું.

ભોજન કર્યા બાદ થોડો આરામ કરીને પછી શાળાના પટાંગણમાં સાફ સફાઇ કરવામાં આવી અને પછી વિદ્યાર્થીઓને અલગ અલગ રમત રમાડવામાં આવી.

હોળીનો તહેવાર અને વરસાદી વાતાવરણ હોવા છતાં પણ સાંજ સુધી સ્વયંસેવકોએ નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી કરી અને સાંજે રાષ્ટ્રગીત ગાઈને કામની પુર્ણાહુટી કરી













# ખાસ શિબિર

નવયુગ સાયન્સ કોલેજ દ્વારા આયોજિત ખાસ વાર્ષિક શિબિર ના પાંચમા દિવસે તારીખ ૦૭/૦૩/૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના ના નવયુગ સાયન્સ કોલેજ ના સ્વયંસેવકો દ્વારા માસમા ગામના સેવક વર્ગના મહોલ્લામાં મતદાન વિષે જાગૃતિ ફેલાવવા તથા વ્યસન મુક્તિના પાથ શીખવવામાં આવ્યા. ત્યારબાદ તેમના મહોલ્લાની સાફ સફાઈ કરી રોગમુક્ત અને સ્વચ્છતા જાળવવા પ્રેરિત કરવામાં આવ્યા. બપોરે પ્રાથમિક શાળા માં ભોજન લેવામાં આવ્યું. ત્યાર બાદ થોડો આરામ કરીને ચા ના વિરામ પછી સ્વયંસેવકો ને રમત ગમત રમાડી શાળા ના કેન્દ્રભાગ ની સફાઈ કરવામાં આવી. સાંજે રાષ્ટ્રીય ગીત ગાય ને કામ ની પૂર્ણાહુતિ કરવામાં આવી.











**Day-1**

ROFEL BBA AND BCA COLLEGE VAPI has started the SFI NSS unit this year and today our unit commenced the annual camp for the year 2022-23 at Namdha village. It was the first day of the camp which started with the inauguration ceremony which was graced by Mrs. Anitaben Satishbhai Patel Sarpanch Namdha, Mr. Alpeshbhai Rameshbhai Patel former sarpanch Namdha, Mrs. Anshuiaben Kishoresingh Chawada principal Namdha primary school. Followed by the self defense program for the NSS girls and school going girls. Also a medical camp was organised for the check up of the school students. The camp has selected 50 NSS volunteers who will be performing various activities in this camp










**Day-2**

On 23-jan a session on Kartvya Bodh "Sense of Duty" seminar was conducted as part of celebrating 126th birth anniversary of Netaji Shubhaschandra Bose. The guest for the event was Shri Rajeshbhai Gandhi. A detailed information on the life events of Netaji Shubhaschandra Bose and the historic decisions taken was shared . All the NSS volunteers and other students of the ROFEL BBA & BCA College,Vapi participated whole heartedly












**Day-3**

On 22-Feb the NSS completed its third day of the Annual NSS camp. The day began with the yoga session followed by the shanti prayer. Then the warm up session of the NSS volunteers. Morning prayer was recited by Heer Brana and Nidhi Mishra, brief of the previous day was givenby Miss Preksha Jain, the morning routine was completed with the NSS anthem. The volunteers had to present the Nukkad Natak on the Government Schemes for which we headed to the Nageshwar temple where the students presented the natak and then we went to the other part of the namdha locality and presented the natak again. And after the volunteers returned to the namdha Primary school and then the girls conducted the Survey which primarily focused on the "Menstrual health and Hygiene". And after the completion of the survey the students celebrated the tiffin day and relished the lunch. All the NSS volunteers and other students of the ROFEL BBA & BCA College,Vapi participated whole heartedly.






**Day-4**

On 23-Feb was the fourth day of the annual NSS camp. The day started with the yoga ,followed by prayer, previous day briefing, NSS anthem and then the medical camp for the NSS volunteers was conducted by the team of doctors from haria hospital. The students eye,teeth were checked and the blood group was also determined. The games were played with the students of the standard 1 to 4. The volunteers relished the delicious lunch after finishing the task. Then the students went to the village shopkeeper for the survey if they need assistance for the online payment if needed...












**Day-5**

On 24-Feb was the fifth day of the annual NSS camp. The day started with the prayer, previous day briefing, NSS anthem.The nss volunteers conducted a drawing competition for the school students of standard 5 to 8 on the topic of Cleanliness. The NSS volunteers had an interactive session with the school students by asking questions, singing and dancing with the students. Interacting with the villagers.















**Day-6**

On 25-Feb was the sixth day of the annual NSS camp. The day started with the prayer, previous day briefing, NSS anthem.The nss volunteers conducted a a survey on the economic/financial status of the Namdha village people.  Also the school students were taught the lesson of being a good human being through the concept of edutainment and giving them the lesson through a movie "The good dinasor" .











**Day-7**

February 26 was the last of the camp. A valedictory function was organized in which Dr. P.H Ved principal ROFEL BBA-BCA College, Mrs. Anita Patel Sarpanch Namdha Village and Mrs. Anshuia Patel Principal Primary school Namdha. The guest were welcomed by showering flowers on them and them they were given floral welcome by the NSS volunteers. Flag hoisting was done by the Principl Mrs. Anshuia Patel.The guests shared their piece of advice with the NSS volunteers. Then after the winners of games, drawing competition and the essay writing were facilitated by the guests to keep them encouraged. Also the NSS volunteers shared their experience of being the part of the NSS camp. they said that they learned the art of self discipline , patient and letting go the Ego to serve the society,
















નવયુગ કોમર્સ કોલેજ આયોજીત એન.એસ.એસ.નાં વાર્ષિક શિબિરનો ઉદઘાટન સમારોહ આજ રોજ ચોર્યાસી તાલુકાના કવાસ ગામ ખાતે યોજાયો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે ગામનાં સરપંચ શ્રીમતી જાગૃતિબેન રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. અતિથિ વિશેષ તરીકે ડે. સરપંચ મનોજભાઈ પટેલ, VNSGU એનએસએસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર શ્રી પ્રકાશચંદ્રજી, કવાસ પ્રાથમિક શાળાના આચાર્યા શ્રીમતી તેજલબેન સોની, તાલુકા પંચાયત સદસ્ય શ્રી આસ્તિકભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.
દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડો. વિનોદભાઈ પટેલે સ્વાગત પ્રવચન આપ્યું હતું. શ્રી મનોજભાઈ પટેલ, શ્રીમતી તેજલબેન સોની તથા શ્રી આસ્તિકભાઈ પટેલ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું ત્યારબાદ એનએસએસ પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી પ્રકાશચંદ્રજી દ્વારા વિદ્યાર્થીઓને રમત દ્વારા એનએસએસ થી માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં એનએસએસ દ્વારા કેવી રીતે રાષ્ટ્ર વિકાસમાં વિદ્યાર્થીઓ પોતાની ભૂમિકા કદા કરી શકે તે વિશે સરસ અને રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી અને વિદ્યાર્થીઓને જુસ્સાથી તરબોળ કર્યા હતા. કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ પણ ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ સ્વયંસેવકો જાનવી,ઇશિકા અને માનસીએ સંભાળ્યું હતું. આભારવિધિ પ્રોગ્રામ ઓફિસર ડો.બિંદુબેન શાહ દ્વારા કરવામાં આવી હતી.













નવયુગ કોમર્સ કોલેજ આયોજીત ખાસ કેમ્પનો બીજો દિવસ. કવાસ ગામ, તા - ચોર્યાસી, જી - સુરત.
આજની મુખ્ય પ્રવૃતિઓમાં
યોગાભ્યાસ, ગ્રામ સંપર્ક, પોઝિટિવ એટીટ્યુડ વિષય પર ડો.દર્શન મરજાદીનું પ્રેરક સેશન, માનસિક એકાગ્રતા માટે વિવિધ રમત અને પ્રવૃત્તિઓ, ગામલોકો/વિદ્યાર્થીઓ માટે ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ (૧૦૦ થી વધુ લોકોએ લાભ લીધો) , સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી વગેરે.

















નવયુગ કોમર્સ કોલેજ ખાસ શિબિર દિવસ -૩

આજની મુખ્ય પ્રવૃતિઓમાં

હળવી કસરતો, સેલ્ફ ડિફેન્સ તાલીમ, ગ્રામ સંપર્ક, લાઈફ મેનેજમેન્ટ વિષય પર ડો.શોભનાબેન પ્રજાપતિનું બૌધિક સેશન, શાળાના વિદ્યાર્થીઓ માટે આનંદ મેળો, સ્વયંસેવકો માટે દેશભકિત ગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને પોસ્ટર મેકીંગ સ્પર્ધા, આવતીકાલનાં આઇ ચેકઅપ કેમ્પ બાબતે ગામનાં લોકોને જાણકારી, સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી વગેરેનો સમાવેશ થાય છે.














નવયુગ કોમર્સ કોલેજ ખાસ શિબિર દિવસ - ૪ ની મુખ્ય પ્રવૃતિઓમાં
શાળા કેમ્પસ સફાઈ, પાણી બચાવો અને સ્વચ્છતા બાબતે ગ્રામ જાગૃતિ રેલી, ગ્રામ સંપર્ક, ટીમ બિલ્ડીંગ વિષય ઉપર આદિત્ય પારેખનું બૌધિક સેશન, ગ્રામજનો માટે ફ્રી આંખ તપાસ અને ચશ્મા વિતરણ કેમ્પ અને દિવ્યાંગ નાતાલી નું વિષય ઉપર સેશનનો સમાવેશ થાય છે.















# ખાસ શિબિર

નવયુગ કોમર્સ કોલેજ ખાસ શિબિર દિવસ - ૫ ની મુખ્ય પ્રવૃતિઓમાં
શાળા કેમ્પસ સફાઈ, શાળાના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા અને દેશભક્તિ ગીત સ્પર્ધા ,    ૨૦ વિષય ઉપર ડો.ભાવેશભાઈ વાનપરિયાનું રસપ્રદ સેશન, શાળાના ૧૨૦ કરતા વધુ વિદ્યાર્થીઓને એનએસએસ વોલંટીયર્સ દ્વારા સ્ટેશનરી ગીતનું વિતરણ સ્ટેશનરી કીટ નું વિતરણ વગેરેનો સમાવેશ થાય છે.
















# ખાસ શિબિર

નવયુગ કોમર્સ કોલેજ ખાસ શિબિર દિવસ - ૬ ની મુખ્ય પ્રવૃતિઓમાં
શાળા કેમ્પસ સફાઈ, ડો. મેહુલભાઈ શાહનું વેબસાઈટ ડેવલપમેન્ટ અને ઓનલાઇન કોર્સ વિષય પર સેશન, આશિષભાઈ પારેખનું ટીમ વર્ક અને ટીમ બિલ્ડીંગ વિષય ઉપર સેશન અને પૂર્ણાહુતિ કાર્યક્રમની તૈયારીનો સમાવેશ થાય છે.



















નવયુગ કોમર્સ કોલેજ આયોજિત ખાસ શિબિરના સાતમા દિવસે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ, તાલુકા પંચાયત સભ્ય, પ્રાથમિક શાળાના આચાર્ય, કોલેજના આચાર્ય ડો. વિનોદભાઈ પટેલ, ધારુકાવાલા કોલેજના આચાર્ય ડો. દિલીપભાઈ વરસાણી, સાબરગામ કોલેજના આચાર્ય ડો. ચેતનભાઇ પટેલ તથા કોલેજના અધ્યાપકો હાજર રહ્યા હતા. આચાર્ય શ્રી વિનોદભાઈ પટેલે પોતાના સ્વાગત પ્રવચનમાં એનએસએસના વિદ્યાર્થીઓ માટે પ્રેરક શબ્દો કહી બિરદાવ્યા હતા તથા હાજર મહેમાનોનું શાબ્દિક અને મોમેન્ટો સાથે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કોલેજના અને શાળાના વિદ્યાર્થીઓને ઇનામો અને સર્ટિફિકેટ અર્પણ કરવામાં આવ્યા હતા. આ સાથે ૨૦૨૨-૨૩ નો ખાસ શિબિર પૂર્ણ થયો હતો.















આટર્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારાનો વાર્ષિક કેમ્પ કેમ્પ તા.૧૩/૩/૨૦૨૩ ના રોજ ખાંભલા મુકામે ઉદ્દઘાટન સમારંભ યોજાયો . સ્કુલના આચાર્ય સ્ટાફ ટ્રસ્ટી તથા ડો.રાજેશભાઈ પિ.સોનગઢ. તથા કૉલેજ ના આચાર્ય ઉપાચાયો સ્ટાફ તથા ગામના સરપંચ આગેવાનો જોડાયા હતા






















તા.૧૫/૩/૨૩ના રોજ વાર્ષિક કેમ્પ માં સવારે પ્રભાત ફેરી, બ્લડ ડોનેશન કેમ્પ નો પ્રચાર, કેમ્પસમાં આંબા કલમનું ગોડ કામ,જી.૨૦ ઈન્ટરનેટ વિશે માહીતગાર કર્યા.ત્યાર બાદ પ્રિ.ડો.જયંતિભાઈ ચૌધરી (બુહારી કોલેજ) વ્યારા કોલેજ ના આચાર્ય એ N.S.S.ની વિશેષ જાણકારી આપવામાં આવી. અને સાંજે સાંસ્કૃતીક કાર્યક્રમ નો પ્રોગ્રામ સંપન્ન થયો.










બીપી બારીયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ નવસારી ની વાર્ષિક NSS શિબિર આજથી ( તારીખ ૧૩/૩/૨૦૨૩ )થી દાંડી મુકામે શરૂ થઇ જેમાં પ્રથમ દિવસે દાંડી ના દરિયા કિનારાની સફાઇ કરવામાં આવી તેમજ પ્રાથમિક શાળાની મુલાકાત લઇ સમસ્યાઓ જાણી અને બપોર બાદ બૌદ્ધિક બેઠકમાં દાંડી ગ્રામ પંચાયતની સમસ્યાઓ તેમજ આવતીકાલ ની કાર્ય સૂચિ વિશે ચર્ચા કરવામાં આવી













તા.૧૫.૦૩.૨૦૨૩ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ દહેજની વાર્ષિક શિબિરનો પ્રથમ દિવસ હતો. જેમાં વિદ્યાર્થીઓ કોલેજથી પ્રયાણ કરી ગામની પ્રાથમિક કન્યા અને કુમારશાળામાં પહોંચ્યા. જ્યાં તેમણે સામાન મૂકીને પોતાની રહેવાની જગ્યાની સાફ-સફાઈ કરી ત્યારબાદ ગામમાં પોતાની આગમનની જાણ સારું રેલી કાઢવામાં આવી. જેમાં બેટી બચાવો બેટી પઢાવો, જલ હી જીવન હૈ અને પ્લાસ્ટિક મુક્ત ભારત વગેરે જેવા વિષયો પર સૂત્રોચાર કરવામાં આવ્યો. આ રેલી દરમિયાન ગામજનોમાં ઉત્સાહ અને આશ્ચર્ય બંને જોવા મળ્યું. રેલી બાદ વિદ્યાર્થીઓ દ્વારા ભોજનનું આયોજન કરવામાં આવ્યું અને જમ્યા. ત્યાર બાદ આવતીકાલના ઉદઘાટન સમારંભ અંગેની તૈયારીઓ કરવામાં આવી અને તે અંતર્ગત સાત દિવસ માટેની વિવિધ સમિતિઓની નિમણૂક કરવામાં આવી અંતે અહેવાલ વાંચન અને સમુહ ચર્ચા કરવામાં આવી.















# ખાસ શિબિર

સરકારી વાણિજય અને વિજ્ઞાન કોલેજ દહેજ ની ખાસ વાર્ષિક શિબિરનો આજે બીજો દિવસ.. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સવારમાં પ્રભાત ફેરી ભજનો સાથે ગામમાં ફેરવી હતી. ત્યાર બાદ દૈનિક ક્રિયાઓ પતાવીને યોગ અને સમુહ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આની સાથે જ અન્ય સમિતિ દ્વારા સવારના ચા નાસ્તો અને બપોરના ભોજનની તૈયારી કરવામાં આવી. ચા નાસ્તો કર્યા બાદ આજના ઉદઘાટનના કાર્યક્રમની તૈયારીઓ કરવામાં આવી.









# ખાસ શિબિર

સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજની ખાસ વાર્ષિક શિબિરનો ત્રીજો દિવસ હતો. જેમાં દિવસની શરૂઆત સામુહિક યોગાથી કરવામાં આવી હતી ત્યારબાદ પ્રભાતફેરી અને ત્યારબાદ દૈનિક ક્રિયાઓ પછી સમૂહ પ્રાર્થના અને નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દહેજ ગ્રામ પંચાયત, બસ સ્ટેન્ડ અને ગામમાં આવેલ વિશાળ તળાવ રેવા તળાવની સાફ-સફાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ ડો.લીના દવે દ્વારા "પ્રેસિડેન્સી ઓફ ઇન્ડિયા ઇન G20" વિષય પર બૌદ્ધિક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં G૨૦ એટલે શું?તેના સભ્ય દેશો, તેનો ઈતિહાસ, તેના ઉદ્દેશ્ય, ભારત દ્વારા બનાવવામાં આવેલ લોગો અને તેનો અર્થ, અને ભારત દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના કાર્યક્રમો અને તે પરનું ભાવિ આયોજનો વિશે વિગતે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ભોજન અને આરામ કરવામાં આવ્યો હતો. સાંજના સમયે સ્વચ્છતા, બેટી બચાવો બેટી પઢાવો, જલ હી જીવન હૈ અને પ્લાસ્ટિક મુક્ત ભારત વગેરે જેવા વિષયો પર ભીત સૂત્રો લખવામાં આવ્યા હતા. અને ત્યારબાદ ગામના લોકોનું સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સર્વે કરવામાં આવેલ હતો. ત્યારબાદ ભોજનની તૈયારીઓ અને ભોજન કરી અહેવાલ વાંચન અને આવતીકાલના કાર્યક્રમોની તૈયારીઓ કરવામાં આવી હતી.





















સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજના NSS વિભાગનો ખાસ શિબિર નો ચોથો દિવસ હતો જેમાં દિવસની શરૂઆત યોગા અને ત્યારબાદ પ્રભાતફેરીથી કરવામાં આવી હતી અને ત્યાર બાદ દૈનિક ક્રિયાઓ પત્યા પછી વિદ્યાર્થીઓ માટે તેમના દ્વારા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દહેજ ગામના વિવિધ અનુસૂચિત જાતિ અને અન્ય પછાત જાતિના વિવિધ ફળિયામાં સફાઈનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો તેની સાથે સાથે ભીંત સૂત્રો પણ લખવામાં આવ્યા હતા ત્યારબાદ ભરૂચ જિલ્લા યોગા કોચ હેડ દ્વારા "યુવા અને યોગા" વિષય પર બૌદ્ધિક વ્યાખ્યા આપવામાં આવ્યું હતું. જેમાં વર્તમાન સમયમાં યોગની જરૂરિયાત, તેનું આપણા જીવનમાં શારીરિક અને માનસિક રીતે મહત્વ, વિવિધ પ્રકારના યોગાસનો, યુવાઓ માટે સ્વાસ્થ્યનું સાચું ધન યોગા વગેરે જેવા મહત્વના મુદ્દોને સાંકળીને અસરકારક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. બપોરનું જમવાનું લીધા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેની તૈયારીઓ કરવામાં આવી હતી ત્યારબાદ સાંજના સમયે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દહેજ ગામની વિવિધ જગ્યાઓ પર સ્વચ્છતા અંગેની શેરી નાટક કરવામાં આવ્યા હતા ત્યારબાદ રાત્રિના જમવાનું આયોજન અને તૈયારીઓ કરી જમીને અહેવાલ વાંચન અને આવતીકાલના કામ માટે આયોજન અને ચર્ચા કરવામાં આવી હતી










# ખાસ શિબિર

સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજના NSS વિભાગના ખાસ વાર્ષિક શિબિરનો પાંચમો દિવસ હતો. દિવસની શરૂઆત પ્રભાતફેરીથી કરવામાં આવી હતી ત્યારબાદ ગામમાં આવેલ રેવા તળાવના કિનારા પર યોગાનુ આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દૈનિક ક્રિયાઓ પતાવીને નાસ્તો કરવામાં આવ્યો હતો. આજે ગામના બીજા અન્ય વિસ્તારોમાં પણ સફાઈ કરવામાં આવી હતી અને સાથે સાથે યોગ્ય જગ્યાઓ પર સૂત્રો પણ લખવામાં આવ્યા હતા. ત્યારબાદ દહેજ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ શ્રી વૈશાલીબેન દ્વારા મહિલાઓ માટેના ડિફેન્સ અવેરનેસ અંગે બૌદ્ધિક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું જેમાં તેમણે મહિલાઓને આકસ્મિક સમય વખતે કેવા પ્રકારની શારીરિક અને માનસિક સાવચેતીઓ રાખવી તથા સમસ્યા વખતે કેવી રીતે બચાવ કરવો તેના વિશે વિગતે સમજ આપી હતી તેમને ગુડ ટચ અને બેડ ટચ વિશે પણ એનએસએસ સ્વયંસેવિકાઓને જાગ્રત કરી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા બપોરનું ભોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દહેજ કે જે હાલમાં ઇન્ડસ્ટ્રીયલ હબ તરીકે વિકસિત થયેલ છે તેના જ સમુદ્ર કિનારે પાકતા મીઠાના અભ્યાસ માટે મધુરમ સોલ્ટના અગરની મુલાકાત લેવામાં આવેલ હતી જ્યાંના મેનેજર શ્રી કિશોરભાઈ દ્વારા સોલ્ટ અને જીપ્સમના ઉત્પાદન અંગેની પ્રક્રિયા વિગતે સમજાવી હતી. સાથે સાથે ઉત્પાદન માટે વપરાતી વિવિધ પ્રકારની ટેકનોલોજી અને કાર્ય કરવાની પદ્ધતિ વિશે પણ વિગતે ખ્યાલ આપ્યો હતો વર્તમાન સમયમાં ભારત દેશના ઔદ્યોગિક વિભાગને જરૂરી એવા મીઠાનું પુરવઠો ૬૭ ટકા જેટલો ગુજરાત રાજ્ય દ્વારા એકલા હાથે પૂરો પાડવામાં આવે છે જ્યારે બાકીનું 33% હિસ્સો દેશના અન્ય વિસ્તારો પાસેથી મેળવવામાં આવે છે સાંજના સમયે વિદ્યાર્થીઓ દ્વારા ભોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ અહેવાલનો વાંચન અને આવતીકાલના સર્વ શિક્ષા અભિયાન અંગેની તૈયારીઓ કરવામાં આવી હતી.


















# ખાસ શિબિર

શ્રી જે.બી.ધારુકાવાલા મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એનએસએસ અંતર્ગત વલથાણ ગામમાં સાત દિવસની એન એસ એસ વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૬-૩-૨૦૨૩ ને ગુરૂવારના રોજ ગામમાં ગ્રામપંચાયતની સફાઈમાં ગામના સરપંચ, ઉપસરપંચ તથા ગ્રામ પંચાયતના સભ્યો અને એનએસએસ ની સ્વયંસેવિકાઓ જોડાયા હતા, હળપતિ વાસ માં સફાઈ અને શિક્ષણ અંગેની કામગીરી નેત્રદાન અને દેહદાન અંગેની કામગીરી, પ્રૌઢ શિક્ષણની કામગીરી, બેરોજગારી અંગેનો સર્વે, વિવિધ ફેક્ટરીઓની મુલાકાત સ્વરોજગાર માટે કરવામાં આવી હતી આ કેમ્પમાં ખરેખર સમાજ ઉપયોગી રચનાત્મક કાર્ય કરવામાં આવે છે ધારુકા કોલેજની યુવા સ્વયંસેવિકાઓ ખૂબ જ ઉત્સાહ અને ઉર્જાથી આ કામગીરી કરી રહી છે.












*સુરત સ્થિત શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સમાં યોજાયેલ વાર્ષિક ખાસ શ્રમ શિબિર *

તા ૨૬-૦૨-૨૦૨૩ ના રોજ ૧૨:૦૦ વાગ્યે કોલેજ પર NSS ના તમામ વિદ્યાર્થીઓ ભેગા થયા. બસ આવ્યા બાદ બધો સર-સામાન બસમાં ચઢાવ્યો. ત્યારબાદ ૧:૦૦ વાગ્યે બસ ઉપાડવામાં આવી. ૨:૩૦ કલાકે શિબિરના સ્થળ ઓલપાડ તાલુકાનાં મોર( મોર-ભગવા ) ગામે મોર પ્રાથમિક શાળા મુકામે પહોચ્યા. શિબિરના સ્થળે કેમ્પની વ્યવસ્થા કરી. ૪:૦૦ કલાકે વિદ્યાર્થીઓને ચા-નાસ્તો કરાવ્યો. ૫:૦૦ કલાકે જુદી જુદી ટીમ બનાવવામાં આવી અને દરેક ટીમના લીડરોની નિમણૂક કરવામાં આવી. દરેક ટીમને કામની વહેંચણી કરવામાં આવી. ત્યારબાદ મુખ્ય લીડરની નિમણૂક કરવામાં આવી. ૬:૦૦ કલાકે સોંપાયેલ કામગીરી મુજબ મોર ગામના ૨૮ ફળિયાઓની વિદ્યાર્થીઓ મુલાકાત કરવા ગયા. સાથે ગામવાસીઓને બીજા દિવસે સવારે થનાર ઉદ્દઘાટન સમારંભ માટે આમંત્રણ આપ્યું હતું. ૮:૦૦ કલાકે સૌએ રાત્રિભોજન કર્યું હતું. ૯:૦૦ કલાકે બીજા દિવસની કામગીરી વહેંચણી દરેક ટીમને કરવામાં આવી હતી.













# ખાસ શિબિર

કેમ્પના બીજા દિવસે તા. ૨૭/૨ ૨૩ ના રોજસવારે ૫:૩૦ કલાકે ગામમાં વિદ્યાર્થીઓ પ્રભાત ફેરી માટે નીકળ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ૮:૦૦વાગ્યે ચા-નાસ્તો કર્યા બાદ સવારે ૯:૦૦ વાગ્યાના ઉદ્દઘાટન સમારોહ માટે તૈયારી કરી હતી. સવારે ૯:૦૦ વાગ્યે શાળાના પટાંગણમાં ઉદ્દઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રિ. ડો. હીના ઓઝા અને અન્ય સ્ટાફમિત્રો તેમજ સમારંભના પ્રમુખ ઉદ્દઘાટક શ્રીમતી આશાબેન રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ગામના ઉપસરપંચશ્રી રાજેશભાઈ પટેલ, મોર પ્રાથમિક શાળાના પ્રિ. પ્રેક્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષશ્રીઓ તરીકે મોર ગામના શ્રી જયપ્રકાશભાઈ પટેલ, સંજયભાઈ મોરકર ,ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિક કાતરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભે પ્રોગ્રામ ઓફિસર પ્રા. નીતિનભાઈ રાઠોડ દ્વારા સાત દિવસીય શિબિરની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કોલેજ આચાર્યાશ્રીએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું અને ગ્રામજનોનું અભિવાદન કર્યું હતું. મોર ગામના ઉપસરપંચ શ્રી એ પ્રાસંગિક પ્રવચન કરી, NSS ના તમામ વિદ્યાર્થીઓને આવકાર આપી પ્રોત્સાહિત કર્યા હતા.અંતે પ્રા. રાજેશ્રીબેન સિંગણપોરિયા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

ત્યારબાદ ૧૦:૦૦ વાગ્યે દરેક ટીમ પ્રમાણે વિદ્યાર્થીઓએ સોંપેલ કામગીરી મુજબ શાળાની અંદર તેમજ બહારના ભાગની સફાઈ, ગામસર્વે અને રસોડા ની કામગીરી કરી અને બપોરે ૩:૩૦ કલાકે ભોજનવિરામ બાદ SHAH N.H. COMMERCE COLLEGE, VALSAD ના નિવૃત પ્રિ.જયંતિ ભાઇ નાયકનું બૌધિક પ્રવચન રાખવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને એન.એસ.એસ. અંગે ઉંડાણપૂર્વક માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા.

સાંજે ૫.૦૦ વાગ્યે મોર ગામમાં દરેક ફળિયાઓમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહભેર "સ્વચ્છતા, પ્લાસ્ટિક મુકત ભારત, વ્યસનમુકિત" ના બેનર હેઠળ રેલી કાઢી હતી.

રાત્રે ૮.૩૦ કલાકે ભોજન કર્યા બાદ દરેક ટીમલીડરોએ પોતાનો અહેવાલનું વાંચન કર્યું હતું.

















તારીખ ૨૮/૨/ ૨૩ ના રોજ કેમ્પ ના ત્રીજા દિવસે સવારે ૭.00 વાગ્યે સર્વે વિદ્યાર્થીઓએ ભેગા મળી પ્રાર્થના,યોગા અને વિવિધ કસરતો કરી હતી. ત્યારબાદ ચા-નાસ્તો કર્યા બાદ ૯.00 વાગ્યે દરેક ટીમ લીડર પોતાને સોંપાયેલ કામગીરી મુજબ એમની ટીમ સાથે ગામ સર્વે, ગામ સફાઇ અને શાળાના વૃક્ષોના રંગરોગાન માટે જોડાઇ ગયા.

બપોરે ૧૨:00 કલાકે શાળાના વિદ્યાર્થીઓ અને NSSના સ્વયંસેવકો ભેગા મળી પ્રા. ભાવિક કાતરિયાના માર્ગદર્શન હેઠળ "SCIENCE DAY" ની ઉજવણી કરી.

બપોરે 3:30 વાગ્યે સુરતની મહાવીર હોસ્પિટલ ના કાર્ડિયાક હેમાંગ વ્યાસ નું વ્યાખ્યાન રાખ્યું હતું. જેમાં વ્યાખ્યાન દરમિયાન HEART EMERGENCY AND CPR PROGRAM અંગે પ્રાયોગિક ચર્ચા કરી હતી. જેનાથી વિદ્યાર્થીઓએ હાર્ટ એટેક દરમિયાન જ્યાં સુધી પ્રાથમિક સારવાર ન મળે ત્યાં સુધી રાખવાની તકેદારી અંગે વિસ્તૃત માહિતી મેળવી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રમતગમતમાં ભાગ લીધો.

રાત્રે ૮:30 કલાકે ભોજન કર્યા બાદ દરેક સ્વયંસેવકોએ પોતાના અહેવાલનું વાંચન કર્યું.












શિબિરના ચોથા દિવસે સવારે ૭:૦૦ વાગ્યે વિદ્યાર્થીઓએ પ્રાર્થના અને યોગા કર્યા. ત્યારબાદ પ્રાથમિક શાળાના પરિસરમાં શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામવાસીઓ માટે "નેત્ર-દંત ચિકિત્સા શિબિર" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરના ડો. યશ ઓઝા (Eye Specialist and Surgeon, M.S) અને ડો. ડ્રીમલ મોદી ઓઝા (Orthodontist, MDS) એ સેવા બજાવી હતી.
ત્યારબાદ ૧૦ વાગ્યે દરેક ટીમ લીડર પોતાને સોપાયેલી કામગીરી મુજબ એમની ટીમ સાથે ગામસર્વે ગામસફાઇ અને શાળાના વૃક્ષોના રંગ રોગાન માટે જોડાઇ ગયા.
ભોજન વિરામબાદ S.B. Garda Arts and P.K. Patel College of Commerce, Navsari ના ઇન્ચાર્જ આચાર્યશ્રી, ડો. ધર્મવીર ગુર્જર દ્વારા "વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ" વિષય પર બૌદ્ધિક વ્યાખ્યાન આપ્યું હતું. જેનાથી વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.
ત્યારબાદ વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી.
રાત્રે ૮:૩૦ કલાકે ભોજન કર્યા બાદ સ્વયંસેવકોએ પોતાની દિનચર્યાનો અહેવાલ રજૂ કર્યો.










કેમ્પના પાંચમા દિવસે તારીખ ૨/ ૩/ ૨૩ ના રોજસવારે ૭:૦૦ કલાકે પ્રાર્થના અને યોગાના નિત્યક્રમ બાદ ચા-નાસ્તો કરી NSS ના સ્વયંસેવકો અને NSS પ્રોગ્રામ ઓફિસર સૌસાથે મળી મોર ગામના ગાયત્રી માતાના મંદિરે દર્શન કર્યા બાદ મંદિરના પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું અને ત્યારબાદ મોર ગામના પ્રખ્યાત કામેશ્વર મહાદેવ મંદિર ના દર્શન કર્યા અને ત્યા પણ વૃક્ષારોપણ કરી નજીક આવેલા અરબી સમુદ્ર કાંઠે મીઠા અગરની મુલાકાત લીધી.
બપોરે ભોજનવિરામ બાદ ૩:૩૦ કલાકે પ્રા.હીનાબેન દેસાઇ દ્વારા "वसुधैव कुटुम्बकम्" વિષય પર ભૌતિક વ્યાખ્યાન આપવામાં આવ્યું. જેમાં તેમણે ૨૦ ભારત ૨૦૨૩ ના મુખ્યસૂત્રને સાંકળી લઈ વિસ્તૃત માહિતી આપી હતી.
સાંજે વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે ગામમાં આમંત્રણ આપવા ગયા હતા અને ત્યારબાદ તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્વ તૈયારીમાં જોડાઇ ગયા. રાત્રિ ભોજન બાદ દરેક વિદ્યાર્થીઓએ પોતાનો અહેવાલ રજૂ કર્યો.











કેમ્પના છઠ્ઠા દિવસે સવારે ૭:૦૦ વાગ્યે સર્વ વિદ્યાર્થીઓએ ભેગા મળી પ્રાર્થના, યોગા અને વિવિધ કસરતો કરી. ત્યારબાદ મોર પ્રાથમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. એક ટીમ ગામસર્વે માટે, સફાઈ માટે અને રસોડામાં રસોઈ કામની કામગીરીમાં જોડાઈ હતી.

બપોરે ભોજન વિરામ બાદ ૩:૦૦ કલાકે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીના ભાગસ્વરૂપે સ્ટેજ,બેનર અને સાઉન્ડ સિસ્ટમ વગેરેની ગોઠવણી કરી. સાંજે ૪:૦૦ કલાકે શિબિરના સમાપન સમરોહની શરૂઆત થઇ જેમાં સમારંભના મુખ્ય મહેમાન શ્રી રાજેશભાઇ પટેલ (ઉપસરપંચશ્રી, મોર ગામ), અતિથિ વિશેશ્રીઓ શ્રી જયપ્રકાશભાઇ પટેલ (રિટાયર્ડ એક્ઝિક્યુટિવ એન્જિનિયર ઓફ DGVCL), શ્રી સંજયભાઇ મોરકર (મોર હાઇસ્કૂલના ટ્રસ્ટી મંડળના પ્રમુખ), ડો. કિરીટભાઇ પટેલ (કામેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ), પ્રેક્ષાબેન પટેલ (આચાર્યાશ્રી મોર પ્રાથમિક શાળા), પ્રિ. ડો. હીના ઓઝા(શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ), કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકો, કાર્યકર્તાઓ, ગામના આગેવાનો, ગ્રામજનો તથા શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કોલેજના પ્રિ. ડો. હીનાબેન ઓઝાએ પ્રાસંગિક ઉત્પાદન કર્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન અને અતિથિશ્રીઓએ પોતાના વકતવ્ય થકી એન.એસ.એસ.ના સ્વયંસેવકોને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. ઉપસ્થિત તમામ અતિથિઓનું પુસ્તક દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં મોર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ NSSના સ્વયંસેવકો દ્વારા પ્રાર્થના,લોકગીત,શેરીનાટક, ગ્રુપ ડાન્સ, દેશભક્તિ નૃત્ય વગેરે કૃતિઓ ખૂબ જ ઉત્સાહભેર રજૂ કરવામાં આવી હતી.

NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા. નીતિનભાઇ રાઠોડે સમગ્ર શિબિર નો અહેવાલ રજૂ કર્યો હતો. NSS ના વિદ્યાર્થીઓએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા તેમજ ગ્રામજનોએ પણ પોતાના અભિપ્રાયો પાઠવ્યા હતા.

સમાપન સમારોહના અંતે પ્રા. રાજેશ્રીબેન સિંગણપોરીયાએ આભારવિધિ કરી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ભાવિકભાઇ કાતરીયા અને NSS ના વિદ્યાર્થીઓએ કર્યું હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમના સમાપન બાદ મોર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો સાથે સમૂહ ભોજન લીધું હતું. NSSના સ્વયંસેવકોએ ભોજન પીરસવાની કામગીરી બજાવી હતી.












કેમ્પના સાતમા દિવસે તારીખ ૪/ ૩/ ૨૩ ના રોજસવારે ૭:૦૦ વાગ્યે મોર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને એન.એસ.એસના સ્વયંસેવકોએ ભેગા મળી પ્રાર્થના અને યોગા કર્યા હતા. ત્યારબાદ ચા-નાસ્તો કર્યા બાદ દરેક વિદ્યાર્થીઓએ તેમના અહેવાલનું વાંચન અને શિબિરમાં થયેલા અનુભવ પ્રસ્તુત કર્યા હતા.
સાત દિવસના શિબિરના અંતે મોર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથેના સ્નેહ ભર્યા સંબંધના કારણે શિબિરના વિદ્યાર્થીઓએ તેમની મુલાકાતે ગયા હતા અને વિદાય લીધી હતી ત્યારે હૃદયદ્રાવક દ્રશ્યો જોવા મળ્યા હતા.
૧૦:૩૦ કલાકે બસ દ્વારા શિબિરના સ્થળેથી રવાના થયા હતા. ૧૨:૧૫ કલાકે કોલેજ મુકામે આવી ગયા હતા.














**Publish by :**

## Prakashchandra

Programme co-ordinator
National Service Scheme (N.S.S.)
Veer Narmad South Gujarat University
Opp G. D. Goenka International School,
New City Light Canal Road, Surat , Gujarat
Contact No : +91 990990332, 9909903334
E-mail : nss@vnsgu.ac.in